પ્રકાશક :-
ભરત કે. શાહ
ન્યૂ માર્કેટ, પાંજરાપોળ,
રિલીફ રોડ, **અમદાવાદ-૧.**
ફોન :-૨૧૩૪૧૭૬

પ્રાપ્તિસ્થાન :

■ **સોમચંદ ડી. શાહ,** જીવનનિવાસ સામે,
**પાલિતાણા**-૩૬૪૨૭૦

■ **સુઘોષા કાર્યાલય,** શેખનો પાડો, ઝવેરીવાડ સામે,
રિલીફ રોડ, **અમદાવાદ-૧.** ફોન : ૨૧૩૧૪૧૮

■ **જૈન પ્રકાશન મંદીર :-** દોશીવાડાની પોળ, કાળુપુર,
**અમદાવાદ-૧. ફોન : ૫૩૫૬૮૦૬**

■ **સેવંતીલાલ વી. જૈન,** ૨૦, મહાજન ગલી, પહેલે માળે,
ઝવેરી બજાર **મુંબઈ**-૪૦૦ ૦૦૨. ફોન : ૨૦૬૬૭૧૭.

મુદ્રણસ્થાનઃ
**ભરત ગ્રાફિક્સ**
ન્યૂ માર્કેટ, પાંજરાપોળ,
રિલીફ રોડ, **અમદાવાદ-૧.**
ફોન : ૨૧૩૪૧૭૬



# નવપદજી ઓળીની વિધિ

આ મહામંગલકારી શ્રી નવપદજીની ઓળીનો પ્રારંભ કરનારે પ્રથમ આસો માસની ઓળીથી શરૂઆત કરવી. તિથિની વધઘટ ન હોય તો આસો સુદ-૭ અગર ચૈત્ર સુદ-૭ અને વધઘટ હોય તો, સુદ-૬ અગર સુદ-૮થી શરૂ કરવી. તે સુદ-૧૫ સુધી નવ આયંબિલ કરવાં. અને સાડાચાર વર્ષ લાગટ નવ ઓળી અવશ્ય કરવી.

## નવે દિવસ કરવાની સામાન્ય આવશ્યક ક્રિયાઓ

૧. એક પ્રહર અથવા ચાર ઘડી રાત્રિ બાકી હોય ત્યારે ઉઠી મંદ- સ્વરે ઉપયોગથી રાત્રિ પ્રતિક્રમણ કરવું.
૨. પદના ગુણની સંખ્યા પ્રમાણે લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો.
૩. લગભગ સૂર્યોદયને સમયે પડિલેહણ કરવું.
૪. આઠ થોય વડે દેવવંદન કરવું.
૫. શ્રી સિદ્ધચક્રજીના યંત્રની વાસક્ષેપ વડે પૂજા કરવી.
૬. નવ જુદા જુદા દેરાસરે, અગર નવ પ્રતિમાજી સન્મુખ નવ ચૈત્યવંદન કરવાં.
૭. ગુરુવંદન કરી વ્યાખ્યાન શ્રવણ કરી પચ્ચક્ખાણ કરવું.
૮. નાહી, શુદ્ધ થઈ શ્રી જિનેશ્વરની સ્નાત્ર તથા અષ્ટપ્રકારી પૂજા કરવી[1].

૧. પૂજા ભણાવી રહ્યા પછી આરતિ અને મંગલદીવો ઉતારી પ્રભુના ન્હવણજળથી શાંતિકળશ ભણાવવો.

૯. જે પદના જેટલા ગુણ હોય તેટલા સ્વસ્તિક કરવા અને તેના ઉપર ફલ અને નૈવેદ્ય યથાશક્તિ ચડાવવાં.

૧૦. બપોરના આઠ થોયનું દેવવંદન કરવું.

૧૧. દરેક પદના ગુણો હોય તેટલી પ્રદક્ષિણા દઈ ખમાસમણાં દેવાં.

૧૨. સ્વસ્થાનકે આવી પચ્ચક્ખાણ પારી આયંબિલ કરવું.

૧૩ આયંબિલ કર્યા પછી ત્યાં જ તિવિહારનું પચ્ચક્ખાણ કરવું. પછી ચૈત્યવંદન કરી પાણી વાપરવું, ઠામ ચઉવિહાર પચ્ચક્ખાણ કરનારને ચૈત્યવંદન કરવાની જરૂર નથી.

૧૪. સાંજે સૂર્યાસ્ત પહેલાં પડિલેહણ કરી, આઠ થોય વડે દેવવંદન કરવું.

૧૫. દેરાસરે દર્શન કરી આરતિ-મંગળદીવો કરવો.

૧૬. દૈવસિક પ્રતિક્રમણ કરવું.

૧૭. જે દિવસે જે પદની આરાધના હોય તેની ૨૦ નવકારવાળી ગણવી.

૧૮. રાત્રે શ્રી શ્રીપાલ રાજાનો રાસ સાંભળવો.

૧૯. એક પ્રહર રાત્રિ વીત્યા બાદ સંથારાપોરિસી સૂત્રની ગાથાઓ ભણાવી સંથારે સૂઈ રહેવું.

૨૦. દરરોજનો વિધિ હંમેશાં સૂતાં પહેલાં પૂર્ણ કરી દેવો. ઉપર મુજબ નવેય દિવસ ક્રિયા કરવાની છે.

■■■■



## ઓળી કરનાર ભાઇ-બહેનોને આવશ્યક સૂચનાઓ.

૧ આ દિવસોમાં જેમ બને તેમ કષાયનો ત્યાગ કરવો અને વિકથા કરવી નહિ.

૨ આ દિવસોમાં આરંભોનો ત્યાગ કરવો અને કરાવવો. બની શકે તેટલી અમારિ (અહિંસા) પળાવવી.

૩ દેવપૂજનનાં કાર્ય સિવાય સચિત્ત પાણીનો ત્યાગ રાખવો.

૪ પહેલા અને પાછલા દિવસ સાથે બધા દિવસોમાં મન, વચન અને કાયાથી નિર્મળ બ્રહ્મચર્યનું પાલન કરવું. કુદૃષ્ટિ પણ કરવી નહિ.

૫ જતાં-આવતાં ઈર્યાસમિતિનો ખાસ ઉપયોગ રાખવો.

૬ કોઈપણ ચીજ લેતાં-મૂકતાં કટાસણું, સંથારીયું પાથરતાં યતનાપૂર્વક પૂંજવા-પ્રમાર્જવાનો ઉપયોગ રાખવો.

૭ થૂંક, બળખો, લીંટ જેમ તેમ નાંખવા નહિ પણ રૂમાલ રાખીને તેમાં કાઢવા ખાસ ઉપયોગ રાખવો. તેથી પણ જીવરક્ષા સારી થઇ શકે છે.

૮ પ્રતિક્રમણ, પડિલેહણ, દેવવંદન, પ્રભુપૂજન વગેરે ક્રિયા કરતાં ગુણણું ગણતાં, આહાર વાપરતાં, માર્ગે જતાં આવતાં, સ્થંડિલ માત્રુ કરવા જતાં બોલવું નહિ.

૯ આયંબિલ કરતી વખતે આહાર સારો યા ખરાબ હોય તેના ઉપર રાગ-દ્વેષ કરવો નહિ, વાપરતાં 'સુર સુર'

'ચળ ચળ' અવાજ કરવો નહિ અને એંઠવાડ પડે નહિ તેવી રીતે ઉપયોગપૂર્વક જમવું.

૧૦ ચૌદ નિયમો હંમેશાં ધારવા ઉપયોગ કરવો.

૧૧ પાણી પીધા પછી પ્યાલો તુરત લૂંછી નાંખવો. તેમ નહિ કરવાથી બે ઘડી પછી સંમૂર્ચ્છિમ જીવોની ઉત્પત્તિ થાય છે.

૧૨ થાળી, વાટકા વગેરે તમામ વાસણો નામ વિનાનાં તથા વસ્ત્રો ધોયેલાં વાપરવાં, સાંધેલા-ફાટેલાં ન વાપરવાં.

૧૩ ભાણાં માંડવાના પાટલાઓ ડગતા ન રહે તેનો ખાસ ઉપયોગ રાખવો.

૧૪ નવકારવાળી તથા પુસ્તક વગેરે શુદ્ધ ઊંચે સ્થાનકે મૂકવાનો ઉપયોગ રાખવો. ચરવળે ભરાવી દેવાથી તથા કટાસણા ઉપર જેમ તેમ મૂકી દેવાથી આશાતના થાય છે.

૧૫ દરેક ક્રિયા ઉભા ઉભા પ્રમાદ રહિતપણે કરવી.

## કાઉસ્સગ્ગ કરવાનો વિધિ

ખમાસમણ દઇ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ (જે દિવસે જે પદ હોય તે પદ) આરાધનાર્થં કાઉસ્સગ્ગ કરૂં? ઇચ્છં. **'વંદણવત્તિઆએ૦ અન્નત્થ'** કહી, (જે દિવસે જેટલા લોગસ્સનો હોય તેટલા લોગસ્સનો) કાઉસ્સગ્ગ કરવો. કાઉસ્સગ્ગ પારીને પ્રગટ રીતે લોગસ્સ કહેવો.



## પડિલેહણ કરવાનો વિધિ

ખમાસમણ દેઇ, ઇરિયાવહિયં પડિક્કમી ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ પડિલેહણ કરૂં? ઇચ્છં. કહી ક્રિયામાં વપરાતા સર્વ ઉપકરણોની પડિલેહણા કરવી. પછી ઇરિયાવહિયં પડિક્કમી, કાજો લેવો કાજો જોઇ ત્યાં જ ઉભા રહીને કાજો પરઠવવા ઇરિયાવહિયં કરી પછી **'અણુજાણહ જસ્સુગ્ગહો'** કહી, ત્રણ વખત **'વોસિરેઇ'** કહી, યોગ્ય સ્થાનકે કાજો પરઠવવો.

## આયંબિલ કર્યા પછી ચૈત્યવંદન કરવાનો વિધિ

ખમાસમણ દેઇ ઇરિયાવહિયં પડિક્કમી ખમા૦ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! ચૈત્યવંદન કરું? ઇચ્છં, જગચિંતામણિનું ચૈત્યવંદન જયવીયરાય પર્યંત કરવું. દેરાસરે કરે તો અરિહંત ચેઇયાણં વંદણ૦ અન્નત્થ૦ કહી, એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારી થોય કહેવી.

## નવપદ મંડળની રચનાનો વિધિ

શાલિ (ચોખા) પ્રમુખ પાંચ વર્ણનાં ધાન્ય એકઠાં કરી સિદ્ધચક્રના મંડળની રચના કરવી, અરિહંતાદિક નવેય પદોને વિષે શ્રીફળના ગોળાઓ મૂકવા. બીજોરા, ખારેક, દાડમ, નારંગી, સોપારી ઇત્યાદિક ફળ ગોઠવીને મૂકવા. નવગ્રહ અને દશ દિક્પાળની રચના કરવી. મંડળ જેમ બને તેમ સુશોભિત થાય તેવી રીતે સોના-રૂપાના વરખથી

તથા ધ્વજાઓ વગેરેથી શણગારી આકર્ષક બનાવવું. રચનાની વિશેષ ગોઠવણ જાણકાર પાસેથી શીખી લેવી.

### પારણાના દિવસનો વિધિ

પારણાને દિવસે ઓછામાં ઓછું બિઆસણાનું પચ્ચક્ખાણ કરવું. હંમેશ મુજબ પ્રતિક્રમણ, પડિલેહણ, દેવવંદન, વાસક્ષેપપૂજા, ગુરુવંદન ઇત્યાદિ કરી નાહી, શુદ્ધ થઇ, સ્નાત્ર તથા સત્તરભેદી પૂજા ભણાવવી. દિવસે કાઉસ્સગ્ગ, સ્વસ્તિક, પ્રદક્ષિણા નવ નવ કરવા તથા ખમાસમણાં નવ નવ દેવાં. ૐ હ્રીँ શ્રી વિમલેશ્વર ચક્રેશ્વરી પૂજિતાય શ્રી સિદ્ધચક્રાય નમઃ એ પદની વીસ નવકારવાળી ગણવી.

## સંથારા પોરિસી સૂત્ર

**નિસીહિ નિસીહિ નિસીહિ, નમો ખમાસમણાણં ગોયમાઇણં મહામુણીણં.**

**અણુજાણહ જિટ્ઠિજ્જા! અણુજાણહ પરમગુરુ! ગુરુગુણરયણેહિં મંડિયસરીરા! બહુપડિપુણ્ણા પોરિસી, રાઇયસંથારએ ઠામિ? ૧.**

**અણજાણુહ સંથારં, બાહુવહાણેણ વામપાસેણં,**
**કુક્કુડિપાય પસારણ પમજ્જએ ભૂમિં. ૨.**

**સંકોઇઅ સંડાસા, ઉવટ્ટંતે અ કાયપડિલેહા,**
**દવ્વાઇ ઉવઓગં, ઊસાસનિરુંભણાલોએ. ૩.**



જઇ મે હુજ્જ પમાઓ, ઇમસ્સ દેહસ્સિ-માઇ રયણીએ,
આહારમુવહિદેહં, સવ્વં તિવિહેણ વોસિરિઅં. ૪.

ચત્તારિ મંગલં-અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં,
સાહૂ મંગલં, કેવલિપન્નતો ધમ્મો મંગલં. ૫.

ચત્તારિ લોગુત્તમા-અરિહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા,
સાહૂ લોગુત્તમા, કેવલિપન્નત્તો ધમ્મો લોગુત્તમો. ૬.

ચત્તારિ સરણં પવજ્જામિ, અરિહંતે સરણં પવજ્જામિ,
સિદ્ધેસરણં પવજ્જામિ, સાહૂ સરણં પવજ્જામિ,
કેવલિપન્નત્તં ધમ્મં સરણં પવજ્જામિ. ૭.

પાણાઇવાયમલિઅં, ચોરિક્કં મેહુણં દવિણમુચ્છં,
કોહં માણં માયં, લોભં પિજ્જં તહા દોસં. ૮.

કલહં અબ્ભક્ખાણં, પેસુન્નં રઇઅરઇસમાઉત્તં;
પરપરિવાયં માયા-મોસં મિચ્છત્તસલ્લં ચ. ૯.

વોસિરિસુ ઇમાઇં, મુક્ખમગ્ગસંસગ્ગ-વિગ્ઘભૂઆઇં,
દુગ્ગઇનિબંધણાઇં, અટ્ઠારસ પાવઠાણાઇં. ૧૦.

"એગોહં નત્થિ મે કોઇ, નાહમન્નસ્સ કસ્સઇ."
એવં અદીણમણસો, અપ્પાણમણુસાસઇ. ૧૧.

એગો મે સાસઓ અપ્પા, નાણદંસણસંજુઓ,
સેસા મે બાહિરા ભાવા, સવ્વે સંજોગલક્ખણા. ૧૨.

સંજોગમૂલ જીવેણ, પત્તા દુક્ખપરંપરા,
તમ્હા સંજોગસંબંધં, સવ્વં તિવિહેણ વોસિરિઅં. ૧૩.

**"અરિહંતો મહ દેવો, જાવજ્જીવં સુસાહુણો ગુરુણો,**
**જિણપન્નત્તં તત્તં," ઈઅ સમ્મત્તં મએ ગહિઅં. ૧૪.**

(૧૪ મી ગાથા ત્રણ વખત કહેવી. પછી સાત નવકાર ગણી પછીની ત્રણ ગાથા બોલવી.)

**ખમિઅ ખમાવિઅ મઈ ખમિઅ, સવ્વહ જીવનિકાય,**
**સિદ્ધહ સાખ આલોયણહ, મુજ્ઝહ વઈર ન ભાવ. ૧૫.**
**સવ્વે જીવા કમ્મવસ, ચઉદહ રાજ ભમંત,**
**તે મે સવ્વ ખમાવિઆ, મુજ્ઝ વિ તેહ ખમંત. ૧૬.**
**જં જં મણેણબદ્ધં, જં જં વાએણ ભાસિઅં પાવં,**
**જં જં કાએણ કયં, મિચ્છામિ દુક્કડં તસ્સ. ૧૭.**

卐 卐 卐



## દરેક દિવસની વિધિની વિશેષ સમજ.

## વિધિનો પહેલો દિવસ

| | |
|---|---|
| **પદ** : શ્રી અરિહંત | **નવકારવાળી** : ૨૦ |
| **વર્ણ** : શ્વેત-એક ધાન્યનું આયંબિલ ચોખાનું કરવું. | **જાપ** : ૐ હ્રીં શ્રીં નમો અરિહંતાણં |
| **કાઉસ્સગ્ગ** :૧૨ લોગસ્સનો | **પ્રદક્ષિણા** : ૧૨ |
| **સ્વસ્તિક** : ૧૨ | **ખમાસમણાં** :૧૨ |

**ખમાસમણનો દુહો :**

અરિહંતપદ ધ્યાતો થકો, દવ્વહ ગુણ પજ્જાય રે,
ભેદ છેદ કરી આતમા, અરિહંત રૂપી થાય રે;
વીર જિનેશ્વર ઉપદિશે, તુમે સાંભળજો ચિત્ત લાઈ રે,
આતમ ધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઈ રે. વીર૦

### (૧) શ્રી અરિહંતપદના ૧૨- ગુણો

**૧. અશોકવૃક્ષ પ્રાતિહાર્ય સંયુતાય શ્રી અરિહંતાય નમઃ**
**૨. પુષ્પવૃષ્ટિ પ્રાતિહાર્ય સંયુતાય શ્રી અરિહંતાય નમઃ**
**૩. દિવ્યધ્વનિ પ્રાતિહાર્ય સંયુતાય શ્રી અરિહંતાય નમઃ**
**૪. ચામર યુગ્મ પ્રાતિહાર્ય સંયુ૦ શ્રી અરિહંતાય નમઃ**
**૫. સ્વર્ણસિંહાસન પ્રાતિહાર્ય સંયુતાય શ્રી અરિહંતાય નમઃ**
**૬. ભામણ્ડલ પ્રાતિહાર્ય સંયુ૦ શ્રી અરિહંતાય નમઃ**
**૭. દુન્દુભિ પ્રાતિહાર્ય સંયુતાય શ્રી અરિહંતાય નમઃ**

## ૮. છત્રત્રય પ્રાતિહાર્ય સંયુતાય શ્રી અરિહંતાય નમઃ
## ૯. જ્ઞાનાતિશય સંયુતાય શ્રી અરિહંતાય નમઃ
## ૧૦. પૂજાતિશય સંયુતાય શ્રી અરિહંતાય નમઃ
## ૧૧. વચનાતિશય સંયુતાય શ્રી અરિહંતાય નમઃ
## ૧૨. અપાયાપગમાતિશય સંયુતાય શ્રી અરિહંતાય નમઃ

## શ્રી અરિહંત પદનું ચૈત્યવંદન

જય જય શ્રી અરિહંતભાનુ, ભવિ કમલ વિકાશી,
લોકાલોક અરૂપી રૂપી, સમસ્ત વસ્તુ પ્રકાશી. ૧
સમુદ્‌ઘાત શુભ કેવલે, ક્ષય કૃત મલરાશિ,
શુક્લ ચરમ શુચિ પાદસે, ભયો વર અવિનાશી. ૨
અંતરંગ રિપુગણ હણીએ, હુયે અપ્પા અરિહંત,
તસુ પદ પંકજમેં રહી, હીર ધરમ નિત સંત. ૩

## શ્રી અરિહંત પરમાત્માનું સ્તવન

શ્રી અરિહંત ભગવંત પરમાતમા, દેવનો દેવ ગુણ રયણ ખાણી, સાત શુદ્ધિ કરી મલિનતા પરિહરી, પૂજીએ ભવિજના પ્રેમ આણી. શ્રી૦ ૧. અરતિ રતિ મોહ નિદ્રા ન હાંસી ભય, રાગ નહીં દ્વેષ નહીં જાસ અંગે, કામ મિથ્યાત્વ અજ્ઞાન જસ ખય ગયાં, ધ્યાઇએ તે પ્રભુ અધિક રંગે. શ્રી૦ ૨. ધ્યાન પિંડસ્થ પદસ્થ રૂપસ્થથી, ધ્યેય ધ્યાતા લહે એક તાને, દ્રવ્ય પર્યાય ગુણ તેહના ધ્યાઇએ, પાઇએ સિદ્ધિ બહુ

૧. આ પુસ્તકમાં બીજાં પણ ચૈત્યવંદનો આપવામાં આવ્યા છે તેમાંથી પણ બોલી શકાય.



તત્ત્વજ્ઞાને. શ્રી૦ ૩. જન્મથી ચાર અગિયાર ઘાતી ખયે, દેવકૃત જાસ ઓગણીશ રાજે, ચઉતીસ અતિશય અંગ ચોથે કહ્યાં, પણ તીસ વયણ ગુણ જાસ છાજે. શ્રી૦ ૪. અડ અધિક સહસ લક્ષણ ધરે અંગમાં, ગુણ અનંતે ભર્યા નાથ સોહે, જાસ કલ્યાણકે જગતનું તમ ટળે, ઇંદ્ર ઉપેંદ્રના ચિત્ત મોહે. શ્રી૦ ૫. નામ ને થાપના દ્રવ્ય ભાવે કરી, જે નરા ચિત્તમેં નિત્ય ધ્યાવે, દેવપાલાદિ ભૂપાલ પરે તે નરા, તીર્થ પતિ સંપદા હસ્ત પાવે શ્રી૦ ૬. જે મહાગોપ ખટકાય ગોકુળ તણો, તિમ મહામાહણ જાસ કહીએ, ભવોદધિ બૂડતાં ભવ્ય નિસ્તારણો, સાર્થપતિ મુગતિનો જેહ લહીએ. શ્રી૦ ૭. દ્રવ્ય ભાવે કરી પૂજના જે કરે, સ્વર્ગ અપવર્ગ તે નિયત પામે, ત્રણ્ય પણ અષ્ટ નવ સત્તર ઓગણીશ વિહ, પૂજના કરી વસે સિદ્ધિ ધામે. શ્રી૦ ૮. પ્રથમ પદ પૂજતો રાય શ્રેણિક પ્રથમ, ભાવિ ચોવીશી જિનરાજ થાશે, તાસ પદ પદ્મની સેવના સુર કરી, **રૂપવિજયાદિ** નિત સુજસ ગાશે. શ્રી૦ ૯.

## શ્રી અરિહંતપદ સ્તુતિ

સકલ દ્રવ્ય પર્યાય પ્રરૂપક, લોકાલોક સરૂપોજી,
કેવલજ્ઞાનકી જ્યોતિ પ્રકાશક, અનંત ગુણે કરી પુરોજી;
ત્રીજે ભવસ્થાનક આરાધી, ગોત્ર તીર્થંકર નૂરોજી,
બાર ગુણાકાર એહવા અરિહંત, આરાધો ગુણ ભૂરોજી.૧

# વિધિનો બીજો દિવસ

| | |
|---|---|
| **પદ** : શ્રી સિદ્ધપદ | **નવકારવાળી** : ૨૦ |
| **કાઉસ્સગ્ગ** : ૮ લોગસ્સનો | **જાપ** : ૐ હ્રીં શ્રીં નમો સિદ્ધાણં |
| **વર્ણ** : લાલ એક ધાન્યનું આયંબિલ, તે ઘઉંનું કરવું. | **પ્રદક્ષિણા** : ૮ |
| **સ્વસ્તિક** : આઠ | **ખમાસમણાં** : ૮ |

## ખમાસમણનો દુહો-

રૂપાતીત સ્વભાવ જે, કેવલ દંસણનાણી રે,
તે ધ્યાતા નિજ આતમા, હોય સિદ્ધ ગુણખાણી રે;
વીર જિનેશ્વર ઉપદિશે, તુમે સાંભળજો ચિત્ત લાઈ રે,
આતમ ધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઈ રે. વીર૦ ૨

## સિદ્ધપદના આઠ ગુણ

**૧. અનંતજ્ઞાન સંયુતાય** **શ્રી સિદ્ધાય નમઃ**
**૨. અનંત દર્શન સંયુતાય** **શ્રી સિદ્ધાય નમઃ**
**૨. અવ્યાબાધગુણસંયુતાય** **શ્રી સિદ્ધાય નમઃ**
**૪. અનંત ચારિત્ર ગુણસંયુતાય** **શ્રી સિદ્ધાય નમઃ**
**૫. અક્ષયસ્થિતિ ગુણસંયુતાય** **શ્રી સિદ્ધાય નમઃ**
**૬. અરૂપી નિરંજન ગુણસંયુતાય** **શ્રી સિદ્ધાય નમઃ**
**૭. અગુરુલઘુ ગુણસંયુતાય** **શ્રી સિદ્ધાય નમઃ**
**૮. અનંતવીર્ય ગુણસંયુતાય** **શ્રી સિદ્ધાય નમઃ**



## શ્રી સિદ્ધપદનું ચૈત્યવંદન

શ્રી શૈલેશી પૂર્વ પ્રાન્ત, તનુ હીન ત્રિભાગી,
પુવ્વપઓગ પસંગસે, ઉરધ ગત જાગી. ૧
સમય એકમેં લોકપ્રાન્ત, ગયે નિર્ગુણ નીરાગી,
ચેતન ભૂપે આત્મરૂપ, સુદિશા લહી સાગી. ૨
કેવલ દંસણ નાણથી એ, રૂપાતીત સ્વભાવ,
સિદ્ધ ભયે જસુ હીરધર્મ, વંદે ધરી શુભ ભાવ. ૩

## શ્રી નવપદજીનું સ્તવન

સિદ્ધચક્ર વર સેવા કીજે, નરભવ લાહો લીજે જી,
વિધિપૂર્વક આરાધન કરતાં, ભવ ભવ પાતક છીજે.
ભવિજન ભજીયેજી.
અવર અનાદિની ચાલ, નિત્ય નિત્ય તજીએ જી. ૧

દેવના દેવ, દયાકર, ઠાકર, ચાકર સુરનર ઇંદાજી,
ત્રિગડે ત્રિભુવન નાયક બેઠા, પ્રણમો શ્રી જિનચંદા ભવિ૦ ૨

અજ, અવિનાશી, અકળ, અજરામર, કેવળદંસણનાણીજી,
અવ્યાબાધ, અનંતુ વીરજ, સિદ્ધપ્રણમો ગુણખાણી ભવિ૦ ૩

વિદ્યા, સૌભાગ્ય લક્ષ્મી પીઠ મંત્રરાજ યોગપીઠ જી,
સુમેરૂપીઠ એ પંચપ્રસ્થાને, નમો આચારજ ઇઠ. ભવિ૦ ૪

અંગ, ઉપાંગ, નંદી, અનુયોગ, છ છેદ ને મૂળ ચાર જી,
દશ પયન્ના એમ પણયાલીસ, પાઠક તેહના ધાર. ભવિ૦ ૫

વેદ ત્રણ ને હાસ્યાદિક ષટ્, મિથ્યાત્વ ચાર કષાય જી,
ચૌદ અભ્યંતર નવવિધ બાહ્યની ગ્રન્થિ તજે મુનિરાય ભવિ૦ ૬

ઉપશમ, ક્ષય, ઉપશમ ને ક્ષાયિક, દર્શન ત્રણ પ્રકારજી,
શ્રદ્ધા પરિણતિ આતમ કેરી, નમીએ વારંવાર. ભવિ૦ ૭

અઠ્ઠાવીશ, ચૌદ, ને ષટ્ દુગ એક, મત્યાદિકના જાણજી,
એમ એકાવન ભેદે પ્રણમો, સાતમે પદ વરનાણ. ભવિ૦ ૮

નિવૃત્તિ ને પ્રવૃત્તિ ભેદે, ચારિત્ર છે વ્યવહારજી,
નિજગુણ સ્થિરતા ચરણ તે પ્રણમો, નિશ્ચય શુદ્ધ પ્રકાર. ભવિ૦ ૯

બાહ્ય અભ્યંતર તપ ને સંવર, સમતા નિર્જરા હેતુજી,
તે તપ નમીએ ભાવ ધરીને, ભવસાયરમાં સેતુ. ભવિ૦ ૧૦

એ નવપદમાં પણ પાંચ(૫) છે ધર્મી, ધર્મ તે વરતે ચારજી,
દેવ, ગુરુ ને ધર્મ તે એહમાં, દો, તીન, ચાર પ્રકાર. ભવિ૦ ૧૧

મારગદેશક અવિનાશીપણું, આચાર વિનય સંકેતેજી,
સહાયપણું ધરતાં સાધુજી, પ્રણમો એહ જ હેતે ભવિ૦ ૧૨

વિમળેશ્વર સાન્નિધ્ય કરે તેહને, ઉત્તમ જેહ આરાધેજી,
**પદ્મવિજય** કહે તે ભવિ પ્રાણી, નિજ આતમહિત સાધે ભવિ૦ ૧૩

## શ્રી સિદ્ધપદની સ્તુતિ

અષ્ટ કરમકું દમન કરીને, ગમન કિયો શિવવાસીજી,
અવ્યાબાધ સાદિ અનાદિ, ચિદાનંદ ચિદ્રાશિજી;
પરમાતમ પદ પૂરણ વિલાસી, અઘઘન દાઘ વિનાશીજી,
અનંત ચતુષ્ટય શિવપદ ધ્યાવો, કેવલજ્ઞાની ભાષીજી. ૧



# ત્રીજો દિવસ

**પદ** : શ્રી આચાર્ય
**નવકારવાળી** : વીસ
**કાઉસ્સગ્ગ:** ૩૬
**પ્રદક્ષિણા** : ૩૬
**સ્વસ્તિક** : ૩૬
**ખમાસમણાં** : ૩૬

**વર્ણ** : પીળો, એક ધાન્ય તે ચણાનું આયંબિલ કરવું.
**જાપ** : ૐ હ્રીઁ શ્રીઁ નમો આયરિયાણં,
**લોગસ્સ** : ૩૬
**સ્વસ્તિક** : ૩૬

### ખમાસમણનો દુહો

ધ્યાતા આચારજ ભલા, મહામંત્ર શુભ ધ્યાની રે,
પંચ પ્રસ્થાને આતમા, આચારજ હોય પ્રાણી રે,
વીર જિનેશ્વર ઉપદિશે, તુમે સાંભળજો ચિત્ત લાઈ રે,
આતમ ધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઈ રે. વીર૦ ૩

### શ્રી આચાર્યપદના ૩૬ ગુણો

**૧. પ્રતિરૂપ ગુણ સંયુતાય શ્રી આચાર્યાય નમઃ**
**૨. સૂર્યવત્તેજસ્વિ ગુણસંયુતાય શ્રી આચાર્યાય નમઃ**
**૩. યુગપ્રધાનાગમ સંયુતાય શ્રી આચાર્યાય નમઃ**
**૪. મધુર વાક્યગુણ સંયુતાય શ્રી આચાર્યાય નમઃ**
**૫. ગાંભીર્યગુણ સંયુતાય શ્રી આચાર્યાય નમઃ**
**૬. ધૈર્યગુણ સંયુતાય શ્રી આચાર્યાય નમઃ**
**૭. ઉપદેશગુણ સંયુતાય શ્રી આચાર્યાય નમઃ**
**૮. અપરિશ્રાવિગુણ સંયુતાય શ્રી આચાર્યાય નમઃ**
**૯. સૌમ્યપ્રકૃતિગુણ સંયુતાય શ્રી આચાર્યાય નમઃ**

૧૦. શીલગુણ સંયુતાય શ્રી આચાર્યાય નમઃ
૧૧. અવિગ્રહગુણ સંયુતાય શ્રી આચાર્યાય નમઃ
૧૨. અવિકથકગુણ સંયુતાય શ્રી આચાર્યાય નમઃ
૧૩. અચપલગુણ સંયુતાય શ્રી આચાર્યાય નમઃ
૧૪. પ્રસન્નવદનગુણ સંયુતાય શ્રી આચાર્યાય નમઃ
૧૫. ક્ષમાગુણ સંયુતાય શ્રી આચાર્યાય નમઃ
૧૬. ઋજુગુણ સંયુતાય શ્રી આચાર્યાય નમઃ
૧૭. મૃદુગુણ સંયુતાય શ્રી આચાર્યાય નમઃ
૧૮. સર્વાંગમુક્તિગુણ સંયુતાય શ્રી આચાર્યાય નમઃ
૧૯. દ્વાદશવિધ તપોગુણ સંયુતાય શ્રી આચાર્યાય નમઃ
૨૦. સપ્તદશવિધ સંયમગુણ સંયુ૦શ્રી આચાર્યાય નમઃ
૨૧. સત્યવ્રતગુણ સંયુતાય શ્રી આચાર્યાય નમઃ
૨૨. શૌચગુણ સંયુતાય શ્રી આચાર્યાય નમઃ
૨૩. અકિંચનગુણ સંયુતાય શ્રી આચાર્યાય નમઃ
૨૪. બ્રહ્મચર્યગુણ સંયુતાય શ્રી આચાર્યાય નમઃ
૨૫. અનિત્યભાવના ભાવકાય શ્રી આચાર્યાય નમઃ
૨૬. અશરણભાવના ભાવકાય શ્રી આચાર્યાય નમઃ
૨૭. સંસારસ્વરૂપ ભાવના ભાવ૦શ્રી આચાર્યાય નમઃ
૨૮. એકત્વભાવના ભાવકાય શ્રી આચાર્યાય નમઃ
૨૯. અન્યત્વભાવના ભાવકાય શ્રી આચાર્યાય નમઃ
૩૦. અશુચિભાવના ભાવકાય શ્રી આચાર્યાય નમઃ



૩૧. આસ્રવભાવના ભાવકાય શ્રી આચાર્યાય નમઃ
૩૨. સંવરભાવના ભાવકાય શ્રી આચાર્યાય નમઃ
૩૩. નિર્જરાભાવના ભાવકાય શ્રી આચાર્યાય નમઃ
૩૪. લોકસ્વરૂપ ભાવના ભાવકાય શ્રી આચાર્યાય નમઃ
૩૫. બોધિદુર્લભભાવના ભાવકાય શ્રી આચાર્યાય નમઃ
૩૬. ધર્મદુર્લભભાવના ભાવકાય શ્રી આચાર્યાય નમઃ

## શ્રી આચાર્યપદનું ચૈત્યવંદન

જિનપદ કુલ મુખરસ અનિલ, મિતરસ ગુણધારી,
પ્રબલ સબલ ધન મોહકી, જિણતે મચૂ હારી. ૧
ઋજ્વાદિક જિનરાજ ગીત, નય તનુ વિસ્તારી,
ભવકૂપે પાપે પડત, જગજન નિસ્તારી. ૨
પંચાચારી જીવ કે, આચારજ પદ સાર,
તીનકું વંદે હીરધર્મ, અટ્ઠોત્તરસો વાર. ૩

## શ્રી નવપદજીનું સ્તવન

અહો ભવિ પ્રાણી રે સેવો, સિદ્ધચક્ર ધ્યાન સમો નહિ મેવો અહો૦
જે સિદ્ધચક્રને આરાધે, તેહનો જગમાંહિ જશ વાધે. અહો૦૧
પહેલે પદે રે અરિહંત, બીજે સિદ્ધ બુદ્ધ ધ્યાન મહંત,
ત્રીજે પદે રે સૂરીશ, ચોથે ઉવજ્ઝાય ને પાંચમે મુનીશ અહો૦ ૨
છઠ્ઠે દરિસણ કીજે, સાતમે જ્ઞાનથી શિવસુખ લીજે,
આઠમે ચારિત્ર પાલો, નવમે તપથી મુક્તિ ભલો. અહો૦ ૩
આયંબિલ ઓલી રે કીજે, નોકારવાલી, વીશ ગણીજે,
ત્રણે ટંકના દેવપડિલેહણ, પડિક્કમણુ કીજે દોય વેલ.અહો૦ ૪

ગુરુમુખ કિરિયા રે કીજે, દેવગુરુભક્તિ ચિત્તમાં ધરીજે,
એમ કહે રામનો શીશો, ઓલી ઉજવીએ જગીશો અહો૦ ૫

## શ્રી આચાર્યપદની સ્તુતિ

પંચાચાર પાલે અજુવાલે, દોષરહિત ગુણધારીજી,
ગુણ છત્તીસે આગમધારી, દ્વાદશ અંગ વિચારીજી,
પ્રબલ સબલ ધનમોહ હરણકું, અનિલ સમી ગુણવાણીજી,
ક્ષમા સહિત જે સંયમ પાલે, આચારજ ગુણધ્યાનીજી. ૧

# ચોથો દિવસ

**પદ** : શ્રી ઉપાધ્યાય,
**નવકારવાળી** : ૨૦
**લોગસ્સ, સ્વસ્તિક**-૨૫
**કાઉસ્સગ્ગ**: ૨૫ લોગસ્સ
**પ્રદક્ષિણા** : ૨૫

**વર્ણ** : લીલો, એક ધાન્યનું, મગનું આયંબિલ કરવું.
**જાપ** : ૐ હ્રીં શ્રીં નમો ઉવજ્ઝાયાણં,
**ખમાસમણાં** : ૨૫

## ખમાસમણનો દુહો

તપ સજ્ઝાયે રત સદા, દ્વાદશ અંગના ધ્યાતા રે,
ઉપાધ્યાય તે આતમા, જગબંધવ જગભ્રાતા રે. ૧
વીર જિનેશ્વર ઉપદિશે, તુમે સાંભળજો ચિત્ત લાઈ રે,
આતમ ધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઈ રે. વીર૦ ૨

## ઉપાધ્યાય પદના ૨૫ ગુણ

૧. **શ્રી આચારાઙ્ગસૂત્ર પઠનગુણયુક્તાય શ્રી ઉપાધ્યાયાય નમ:**
૨. **શ્રી સૂત્રકૃતાંગસૂત્ર પઠનગુણયુક્તાય શ્રી ઉપાધ્યાયાય નમ:**



૩. **શ્રી સ્થાનાઙ્ગસૂત્ર પઠનગુણયુક્તાય શ્રી ઉપાધ્યાયાય નમ:**
૪. **શ્રી સમવાયાઙ્ગસૂત્ર પઠનગુણયુક્તાય શ્રી ઉપાધ્યાયાય નમ:**
૫. **શ્રી ભગવતીસૂત્ર પઠનગુણયુક્તાય શ્રી ઉપાધ્યાયાય નમ:**
૬. **શ્રી જ્ઞાતાસૂત્ર પઠનગુણયુક્તાય શ્રી ઉપાધ્યાયાય નમ:**
૭. **શ્રી ઉપાસકદશાસૂત્ર પઠનગુણયુક્તાય શ્રી ઉપા૦ નમ:**
૮. **શ્રી અન્તગડદશાસૂત્ર પઠનગુણયુક્તાય શ્રીઉપા૦ નમ:**
૯. **શ્રી અનુત્તરોવવાઈસૂત્ર પઠનગુણયુક્તાય શ્રી ઉપા૦ નમ:**
૧૦. **શ્રી પ્રશ્નવ્યાકરણસૂત્ર પઠનગુણયુક્તાય શ્રી ઉપા૦ નમ:**
૧૧. **શ્રી વિપાકસૂત્ર પઠનગુણયુક્તાય શ્રી ઉપા૦ નમ:**
૧૨. **શ્રી ઉત્પાદપૂર્વ પઠનગુણયુક્તાય શ્રી ઉપાધ્યાયાય નમ:**
૧૩. **શ્રી અગ્રાયણીયપૂર્વ પઠનગુણયુક્તાય શ્રી ઉપા૦ નમ:**
૧૪. **શ્રી વીર્યપ્રવાદપૂર્વ પઠનગુણયુક્તાય શ્રી ઉપા૦ નમ:**
૧૫. **શ્રી અસ્તિપ્રવાદપૂર્વ પઠનગુણયુક્તાય શ્રી ઉપા૦ નમ:**
૧૬. **શ્રી જ્ઞાનપ્રવાદપૂર્વ પઠનગુણયુક્તાય શ્રી ઉપા૦ નમ:**
૧૭. **શ્રી સત્યપ્રવાદપૂર્વ પઠનગુણયુક્તાય શ્રી ઉપા૦ નમ:**
૧૮. **શ્રી આત્મપ્રવાદપૂર્વ પઠનગુણયુક્તાય શ્રી ઉપા૦ નમ:**
૧૯. **શ્રી કર્મ્મપ્રવાદપૂર્વ પઠનગુણયુક્તાય શ્રી ઉપા૦ નમ:**
૨૦. **શ્રી પ્રત્યાખ્યાનપ્રવાદપૂર્વ પઠનગુણયુક્તાય શ્રી ઉપા૦ નમ:**
૨૧. **શ્રી વિદ્યાપ્રવાદપૂર્વ પઠનગુણયુક્તાય શ્રી ઉપા૦ નમ:**
૨૨. **શ્રી કલ્યાણપ્રવાદપૂર્વ પઠનગુણયુક્તાય શ્રી ઉપા૦ નમ:**
૨૩. **શ્રી પ્રાણાવાયપૂર્વ પઠનગુણયુક્તાય શ્રી ઉપાધ્યાયાય નમ:**
૨૪. **શ્રી ક્રિયાવિશાલપૂર્વ પઠનગુણયુક્તાય શ્રી ઉપા૦ નમ:**
૨૫. **શ્રી લોકબિન્દુસારપૂર્વ પઠનગુણયુક્તાય શ્રી ઉપા૦ નમ:**

## શ્રી ઉપાધ્યાય પદનું ચૈત્યવંદન

ધન ધન શ્રી ઉવજ્ઝાય રાય, શઠતા ઘન ભંજન,
જિનવર દેશિત દુવાલસંગ, કરકૃત જનરંજન. ૧
ગુણવન ભંજન મયગયંદ, સુય શણિ કિય ગંજણ,
કુલોલંધ લોય લોયણો, જત્થય સુય મંજણ. ૨
મહાપ્રાણ મેં જિન લહ્યો એ-આગમસેં પદતુર્ય,
તીન પે અહનિશ હીરધર્મ, વંદે પાઠકવર્ય. ૩

## શ્રી નવપદજીનું સ્તવન

સિદ્ધચક્રને ભજીએ રે, કે ભવિયણ ભાવ ધરી,
મદ માનને તજીએ રે, કુમતિ દૂર કરી,
પહેલે પદે રાજે રે, કે અરિહંત શ્વેત તનુ,
બીજે પદે છાજે રે, કે સિદ્ધ પ્રગટ ભણું. સિદ્ધ૦ ૧
ત્રીજે પદે છાજે રે, કે આચારજ કહીએ,
ચોથે પદે પાઠક રે, નીલ વર્ણ લહીએ. સિદ્ધ૦ ૨
પાંચમે પદે સાધુ રે, કે તપ સંયમ શુરા,
શ્યામ વર્ણે સોહે રે, કે દર્શન ગુણ પૂરા. સિદ્ધ૦ ૩
દર્શન જ્ઞાન, ચારિત્ર રે, કે તપ સંયમ શુદ્ધ વરો,
ભવિયણ ચિત્ત આણી રે, હૃદયમાં ધ્યાન ધરો. સિદ્ધ૦ ૪
સિદ્ધચક્રને ધ્યાને રે, કે સંકટ ભય ન આવે,
કહે ગૌતમ વાણી રે, કે અમૃત પદ પાવે. સિદ્ધ૦ ૫

## શ્રી ઉપાધ્યાય પદની સ્તુતિ

અંગ ઈગ્યારે ચઉદે પૂરવ, ગુણ પચવીશના ધારીજી,
સૂત્ર અરથધર પાઠક કહીએ, જોગ સમાધિ વિચારીજી,



તપ-ગુણ-શૂરા આગમ પૂરા, નય નિક્ષેપે તારીજી,
મુનિ ગુણધારી બુદ્ધ વિસ્તારી, પાઠક પૂજો અવિકારીજી. ૧

# પાંચમો દિવસ

**પદ** : શ્રી સાધુ
**વર્ણ** : કાળો, આયંબિલ એક ધાન્યનું તે અડદનું કરવું.
**નવકારવાળી** : ૨૦ ૐ હ્રીં નમો લોએ સવ્વસાહૂણં.

**કાઉસ્સગ્ગ:** ૨૭ લોગસ્સ
**સાથિયા** : ૨૭
**ખમાસમણાં** : ૨૭
**પ્રદક્ષિણા** : ૨૭

## ખમાસમણનો દુહો

અપ્રમત્ત જે નિત રહે, નવિ હરખે નવિ શોચે રે,
સાધુ સુધા તે આતમા, શું મુંડે ? શું લોચે રે ?
વીર જિનેશ્વર ઉપદિશે, તુમે સાંભળજો ચિત્ત લાઈ રે;
આતમ ધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઈ રે. વીર૦ ૨

## શ્રી સાધુપદના ૨૭ ગુણ

**૧. પ્રાણાતિપાતવિરમણવ્રત યુક્તાય શ્રી સાધવે નમઃ**
**૨. મૃષાવાદવિરમણવ્રત યુક્તાય શ્રી સાધવે નમઃ**
**૩. અદત્તાદાનવિરમણવ્રત યુક્તાય શ્રી સાધવે નમઃ**
**૪. મૈથુનવિરમણવ્રત યુક્તાય શ્રી સાધવે નમઃ**
**૫. પરિગ્રહવિરમણવ્રત યુક્તાય શ્રી સાધવે નમઃ**
**૬. રાત્રિભોજનવિરમણવ્રત યુક્તાય શ્રી સાધવે નમઃ**
**૭. પૃથ્વીકાય રક્ષકાય શ્રી સાધવે નમઃ**

૮. અપ્કાય રક્ષકાય શ્રી સાધવે નમ:
૯. તેઉકાય રક્ષકાય શ્રી સાધવે નમ:
૧૦. વાયુકાય રક્ષકાય શ્રી સાધવે નમ:
૧૧. વનસ્પતિકાય રક્ષકાય શ્રી સાધવે નમ:
૧૨. ત્રસકાય રક્ષકાય શ્રી સાધવે નમ:
૧૩. એકેન્દ્રિય જીવ રક્ષકાય શ્રી સાધવે નમ:
૧૪. દ્રીન્દ્રિય જીવ રક્ષકાય શ્રી સાધવે નમ:
૧૫. ત્રીન્દ્રિય જીવ રક્ષકાય શ્રી સાધવે નમ:
૧૬. ચતુરિન્દ્રિય જીવ રક્ષકાય શ્રી સાધવે નમ:
૧૭. પંચેન્દ્રિય જીવ રક્ષકાય શ્રી સાધવે નમ:
૧૮. લોભાનુગ્રહ કારકાય શ્રી સાધવે નમ:
૧૯. ક્ષમાગુણ યુક્તાય શ્રી સાધવે નમ:
૨૦. શુભ ભાવના ભાવકાય શ્રી સાધવે નમ:
૨૧. પ્રતિલેખનાદિ ક્રિયાશુદ્ધ કારકાય શ્રી સાધવે નમ:
૨૨. સંયમ યોગ યુક્તાય શ્રી સાધવે નમ:
૨૩. મનોગુપ્તિ યુક્તાય શ્રી સાધવે નમ:
૨૪. વચનગુપ્તિ યુક્તાય શ્રી સાધવે નમ:
૨૫. કાયગુપ્તિ યુક્તાય શ્રી સાધવે નમ:
૨૬. શીતાદિદ્વાવિંશતિ પરિષહસહન તત્પરાય શ્રી સાધવે નમ:
૨૭. મરણાંત ઉપસર્ગ સહન તત્પરાય શ્રી સાધવે નમ:





## શ્રી સાધુપદનું ચૈત્યવંદન

દંસણ નાણ ચરિત કરી, વર શિવપદગામી,
ધર્મ શુક્લ શુચિ ચક્રસે, આદિમ ખય કામી. ૧
ગુણ પ્રમત્ત અપ્રમત્ત તે, ભયે અંતર જામી,
માનસ ઈન્દ્રિયદમનભૂત, શમદમ અભિરામી. ૨
ચારૂ તિધન ગુણગણાં કર્યોએ, પંચમ પદ મુનિરાજ,
તસ પદ પંકજ નમત હૈ, હીર ધર્મ કે કાજ. ૩

## શ્રી નવપદજીનું સ્તવન

નવપદનો મહિમા સાંભળજો, સહુને સુખડું થાશેજી,
નવપદસ્મરણ કરંતા પ્રાણી, ભવભવનાં દુ:ખ જાશેજી. નવ૦ ૧
નવપદના મહિમાથી પ્યારે, કુષ્ટ અઢારે જાવેજી,
ખાંસી ક્ષય ને રોગની પીડા, પાસે કદી નવી આવેજી. નવ૦ ૨
અરિ-કરિ સાગર જલણ જલોદર, બંધનના ભય જાવેજી,
ચોર ચરડ ને શાકણ ડાકણ, તસ નામે દૂર થાશેજી. નવ૦ ૩
અપુત્રીયાને પુત્રો હોવે, નિર્ધનીયા ધન પાવેજી,
નિરાશંસપણે ધ્યાન ધરે જે, તે નર મુક્તે જાવેજી. નવ૦ ૪
શ્રીમતિને એ મંત્રપ્રભાવે, સર્પ થયો ફૂલમાળાજી,
અમરકુમાર નવપદ મહિમાથી, સુખ પામ્યો સુરસાલાજી. નવ૦ ૫
મયણાવયણાએ સેવ્યા નવપદ, શ્રી શ્રીપાલે ઉલ્લાસેજી,
રોગ ગયો ને સંપદા પામ્યો, નવમે ભવે શિવ જાશેજી. નવ૦ ૬
અરિહંત સિદ્ધ આચારજ પાઠક, સાધુ મહા ગુણવંતાજી,
દર્શન જ્ઞાન ચરણ તપ રૂડાં, એ નવપદ ગુણવંતાજી. નવ૦ ૭

સિદ્ધચક્રનો મહિમા અનંતો, કહેતાં પાર ન આવેજી,
દુઃખ હરે ને વંછિત પૂરે, વંદન કરીએ ભાવેજી. નવ૦ ૮
ભવસાગર કહે શ્રી સિદ્ધચક્રની, જે નર સેવા કરશેજી,
તે આતમ ગુણ અનુભવીને, મંગળમાળા વરશેજી. નવ૦ ૯

## શ્રી સાધુપદની સ્તુતિ

સમિતિ ગુપ્તિ કરી સંજમપાલે, દોષ બેંતાલીશ ટાલેજી,
ષટ્કાયા ગોકુલ રખવાલે, નવવિધ બ્રહ્મવ્રત પાલેજી,
પંચ મહાવ્રત સૂધાં પાલે, ધર્મશુક્લ ઉજવાલેજી,
ક્ષપકશ્રેણિ કરી કર્મ ખપાવે, શુભ શમ ગુણ નિપજાવેજી. ૧

## છઠ્ઠો દિવસ

**પદ** : શ્રી દર્શન
**વર્ણ** : સફેદ, એક ધાન્ય તે ચોખાનું આયંબિલ
**નવકારવાળી** : વીસ. ૐ હ્રીઁ નમો દંસણસ્સ

**પ્રદક્ષિણા** તથા
**કાઉસ્સગ્ગ**- ૬૭
**લોગસ્સ, સાથિયા**- ૬૭
**ખમાસમણાં** - ૬૭

## ખમાસમણનો દુહો

શમ સંવેગાદિક ગુણા, ક્ષય ઉપશમ જે આવે રે,
દર્શન તેહી જ આતમા, શું હોય નામ ધરાવે રે. ૧
વીર જિનેશ્વર ઉપદિશે, તુમ સાંભળજો ચિત્ત લાઈ રે.
આતમધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઈ રે. વીર૦ ૨



## દર્શનપદના ૬૭ ગુણ

૧. પરમાર્થ સંસ્તવરૂપ શ્રીસદ્દર્શનાયનમઃ
૨. પરમાર્થ જ્ઞાતૃસેવનરૂપ શ્રી સદ્દર્શનાયનમઃ
૩. વ્યાપન્ન દર્શન વર્જનરૂપ શ્રી સદ્દર્શનાયનમઃ
૪. કુદર્શન વર્જનરૂપ શ્રી સદ્દર્શનાયનમઃ
૫. શુશ્રુષારૂપ શ્રી સદ્દર્શનાયનમઃ
૬. ધર્મરાગરૂપ શ્રી સદ્દર્શનાયનમઃ
૭. વૈયાવૃત્યરૂપ શ્રી સદ્દર્શનાયનમઃ
૮. અર્હદ્વિનયરૂપ શ્રી સદ્દર્શનાયનમઃ
૯. સિદ્ધવિનયરૂપ શ્રી સદ્દર્શનાયનમઃ
૧૦. ચૈત્યવિનયરૂપ શ્રી સદ્દર્શનાય નમઃ
૧૧. શ્રુતવિનયરૂપ શ્રી સદ્દર્શનાય નમઃ
૧૨. ધર્મવિનયરૂપ શ્રી સદ્દર્શનાય નમઃ
૧૩. સાધુવર્ગવિનયરૂપ શ્રી સદ્દર્શનાય નમઃ
૧૪. આચાર્યવિનયરૂપ શ્રી સદ્દર્શનાય નમઃ
૧૫. ઉપાધ્યાયવિનયરૂપ શ્રી સદ્દર્શનાય નમઃ
૧૬. પ્રવચનવિનયરૂપ શ્રી સદ્દર્શનાય નમઃ
૧૭. દર્શનવિનયરૂપ શ્રી સદ્દર્શનાય નમઃ
૧૮. "સંસારે શ્રી જિનઃ સાર," ઈતિ ચિન્તનરૂપ શ્રી સદ્દર્શનાયનમઃ

૧૯. "સંસારે શ્રી જિનમત સારમ્" ઈતિ ચિન્તનરૂપ શ્રી સદ્દર્શનાયનમ:
૨૦. "સંસારે જિનમતસ્થિત શ્રી સાધ્વાદિ સારમ્" ઈતિ ચિંતનરૂપ શ્રી સદ્દર્શનાય નમ:
૨૧. શંકાદૂષણ રહિતાય શ્રી સદ્દર્શનાય નમ:
૨૨. કાંક્ષાદૂષણ રહિતાય શ્રી સદ્દર્શનાય નમ:
૨૩. વિચિકિત્સાદૂષણ રહિતાય શ્રી સદ્દર્શનાય નમ:
૨૪. કુદૃષ્ટિપ્રશંસાદૂષણ રહિતાય શ્રી સદ્દર્શનાય નમ:
૨૫. તત્પરિચયદૂષણ રહિતાય શ્રી સદ્દર્શનાય નમ:
૨૬. પ્રવચન પ્રભાવકરૂપ શ્રી સદ્દર્શનાય નમ:
૨૭. ધર્મકથા પ્રભાવકરૂપ શ્રી સદ્દર્શનાય નમ:
૨૮. વાદિપ્રભાવકરૂપ શ્રી સદ્દર્શનાય નમ:
૨૯. નૈમિત્તિક પ્રભાવકરૂપ શ્રી સદ્દર્શનાય નમ:
૩૦. તપસ્વી પ્રભાવકરૂપ શ્રી સદ્દર્શનાય નમ:
૩૧. પ્રજ્ઞપ્ત્યાદિ વિદ્યાભૃત્ પ્રભા૦ શ્રી સદ્દર્શનાય નમ:
૩૨. ચૂર્ણાંજનાદિસિદ્ધ પ્રભાવકરૂપ શ્રી સદ્દર્શનાય નમ:
૩૩. કવિ પ્રભાવકરૂપ શ્રી સદ્દર્શનાય નમ:
૩૪. જિનશાસને ક્રિયા કૌશલ્યભૂષ૦ શ્રી સદ્દર્શનાય નમ:
૩૫. જિનશાસને પ્રભાવના ભૂષણરૂપ શ્રી સદ્દર્શનાય નમ:
૩૬. જિનશાસને તીર્થસેવા ભૂષણરૂપ શ્રી સદ્દર્શનાય નમ:
૩૭. જિનશાસને ધૈર્ય ભૂષણરૂપ શ્રી સદ્દર્શનાય નમ:



૩૮. જિનશાસને ભક્તિ ભૂષણરૂપ શ્રી સદ્દર્શનાય નમ:
૩૯. ઉપશમગુણરૂપ શ્રી સદ્દર્શનાય નમ:
૪૦. સંવેગગુણરૂપ શ્રી સદ્દર્શનાય નમ:
૪૧. નિર્વેદગુણરૂપ શ્રી સદ્દર્શનાય નમ:
૪૨. અનુકમ્પાગુણરૂપ શ્રી સદ્દર્શનાય નમ:
૪૩. આસ્તિક્યગુણરૂપ શ્રી સદ્દર્શનાય નમ:
૪૪. પરતીર્થિકાદિ વંદન વર્જનરૂપ શ્રી સદ્દર્શનાય નમ:
૪૫. પરતીર્થિકાદિ નમસ્કાર વર્જનરૂપ શ્રી સદ્દર્શનાય નમ:
૪૬. પરતીર્થિકાદિ આલાપવર્જનરૂપ શ્રી સદ્દર્શનાય નમ:
૪૭. પરતીર્થિકાદિ સાલાપવર્જનરૂપ શ્રી સદ્દર્શનાય નમ:
૪૮. પરતીર્થિકાદિ અશનાદિદાનવર્જનરૂપશ્રી સદ્૦ નમ:
૪૯. પરતીર્થિકાદિ ગન્ધપુષ્પાદિ પ્રેષણવર્જનરૂપ શ્રી સદ્દર્શનાય નમ:
૫૦. રાજાભિયોગાકારયુક્ત શ્રી સદ્દર્શનાય નમ:
૫૧. ગણાભિયોગાકારયુક્ત શ્રી સદ્દર્શનાય નમ:
૫૨. બલાભિયોગાકારયુક્ત શ્રી સદ્દર્શનાય નમ:
૫૩. સુરાભિયોગાકારયુક્ત શ્રી સદ્દર્શનાય નમ:
૫૪. કાન્તારવૃત્યાકારયુક્ત શ્રી સદ્દર્શનાય નમ:
૫૫. ગુરુનિગ્રહાકારયુક્ત શ્રી સદ્દર્શનાય નમ:
૫૬. "સમ્યક્ત્વં ચારિત્રધર્મસ્ય મૂલમ્" ઈતિ ચિન્તનરૂપ શ્રી સદ્દર્શનાય નમ:

૫૭."સમ્યક્ત્વં ધર્મપુરસ્યદ્વારમ્"ઈતિ ચિન્તનરૂપ
શ્રી સદ્દર્શનાય નમઃ
૫૮."સમ્યક્ત્વં ધર્મસ્ય પ્રતિષ્ઠાનાધાર"ઈતિ ચિન્તનરૂપ
શ્રી સદ્દર્શનાય નમઃ
૫૯."સમ્યક્ત્વં ધર્મસ્યાધારઃ"ઈતિ ચિન્તનરૂપ
શ્રી સદ્દર્શનાય નમઃ
૬૦."સમ્યક્ત્વં ધર્મસ્ય ભાજનમ્" ઈતિ ચિન્તનરૂપ
શ્રી સદ્દર્શનાય નમઃ
૬૧."સમ્યક્ત્વં ધર્મસ્ય નિધિસન્નિભમ્" ઈતિ ચિન્તનરૂપ
શ્રી સદ્દર્શનાય નમઃ
૬૨."અસ્તિ જીવઃ" ઈતિ શ્રદ્ધાનસ્થાનયુક્ત
શ્રી સદ્દર્શનાય નમઃ
૬૩. "સ ચ જીવો નિત્યઃ" ઈતિ શ્રદ્ધાન સ્થાનયુક્ત
શ્રી સદ્દર્શનાય નમઃ
૬૪."સ ચ જીવઃ કર્મ્માણિ કરોતિ" ઈતિ શ્રદ્ધાસ્થાનયુક્ત
શ્રી સદ્દર્શનાય નમઃ
૬૫. "સ ચ જીવઃ સ્વકૃતકર્મ્માણિ વેદયતિ" ઈતિ
શ્રદ્ધાનસ્થાનયુક્ત શ્રી સદ્દર્શનાય નમઃ
૬૬."જીવસ્યાસ્તિ નિર્વાણમ્" ઈતિ શ્રદ્ધાનસ્થાનયુક્ત
શ્રી સદ્દર્શનાય નમઃ
૬૭. "અસ્તિ મોક્ષોપાયઃ" ઈતિ યુક્ત શ્રદ્ધાનસ્થાન
શ્રી સદ્દર્શનાય નમઃ



## શ્રી દર્શનપદનું ચૈત્યવંદન

હૂય પુગ્ગલ પરિઅટ્ટ, અઠ્ઠ પરિમિત સંસાર,
ગંઠિભેદ તબ કરી લહે, સબ ગુણનો આધાર. ૧
ક્ષાયક વેદક શશિ અસંખ, ઉપશમ પણ વાર,
વિના જેણ ચારિત્ર નાણ, નહિ હુવે શિવ દાતાર. ૨
શ્રી સુદેવ ગુરુ ધર્મની એ, રુચિ લંછન અભિરામ,
દર્શનકું ગણિ હીરધર્મ, અહનિશ કરત પ્રણામ. ૩

## શ્રી નવપદજીનું સ્તવન

અવસર પામીને રે, કીજે નવ આંબિલની ઓળી,
ઓળી કરતાં આપદ જાયે, રુદ્ધિ સિદ્ધિ લહીએ બહુલી. અવસર૦ ૧
આસો ને ચૈત્રે આદરશું, સાતમથી સાંભળી રે,
આળસ મેલી આંબિલ કરશે, તસ ઘર નિત્ય દિવાળી. અવસર૦ ૨
પૂનમને દિને પૂરી થાતે, પ્રેમેશું પખાલી રે,
સિદ્ધચક્રને શુદ્ધ આરાધી, જાપ જપે જપમાલી. અવસર૦ ૩
દેહરે જઇને દેવ જુહારો, આદીશ્વર અરિહંત રે,
ચોવીશે ચાહીને પૂજો, ભાવેશું ભગવંત. અવસર૦ ૪
બે ટંકે પડિક્કમણું બોલ્યું, દેવવંદન ત્રણ કાલે રે,
શ્રીપાલ તણી પરે સમજી, ચિત્તમાં રાખો ચાલ. અવસર૦ ૫
સમકિત પામી અંતરજામી, આરાધો એકાંત રે,
સ્યાદ્વાદ પંથે સંસરતા, આવે ભવનો અંત. અવસર૦ ૬
સત્તર ચોરાણું શુદિ ચૈત્રીએ, બારશે બનાવી રે,
સિદ્ધચક્ર ગાતાં સુખ સંપત્તિ, ચાલીને ઘેર આવી. અવસર૦ ૭
ઉદયરત્ન વાચક ઉપદેશે, જે નર નારી ચાલે રે,
ભવની ભાવઠ ને ભાંજીને, મુક્તિપુરીમાં મહાલે. અવસર૦ ૮

## શ્રી દર્શનપદ-સ્તુતિ.

જિનપન્નત્ત તત્ત સુધા સરધે, સમકિત ગુણ ઉજવાલેજી,
ભેદ છેદ કરી આતમ નિરખી, પશુ ટલી સુર થાવેજી;
પ્રત્યાખ્યાને સમ તુલ્ય ભાખ્યો, ગણધર અરિહંત શૂરાજી,
એ દર્શનપદ નિત નિત વંદો, ભવસાગરકો તીરાજી. ૧

## સાતમો દિવસ

**પદ** : શ્રી જ્ઞાન
**વર્ણ** : સફેદ, આયંબિલ એક ધાનનું, ચોખાનું.
**નવકારવાલી** : વીસ ૐ હ્રીઁ નમો નાણસ્સ

**કાઉસ્સગ્ગ - ૫૧**
**લોગસ્સ, સાથિયા - ૫૧**
**પ્રદક્ષિણા - ૫૧**
**ખમાસમણાં - ૫૧**

### ખમાસમણનો દુહો

જ્ઞાનાવરણીય જે કર્મ છે, ક્ષય ઉપશમ તસ થાય રે,
તો હુએ એહિ જ આતમા, જ્ઞાને અબોધતા જાય રે,
વીર જિનેશ્વર ઉપદિશે, તુમે સાંભળજો ચિત્તલાઈ રે,
આતમ ધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઈ રે. વીર૦

### જ્ઞાનપદના ૫૧-ગુણ

**૧. સ્પર્શનેન્દ્રિય વ્યંજનાવગ્રહ મતિજ્ઞાનાય નમઃ**
**૨. રસનેન્દ્રિય વ્યંજનાવગ્રહ મતિજ્ઞાનાય નમઃ**
**૩. ઘ્રાણેન્દ્રિય વ્યંજનાવગ્રહ મતિજ્ઞાનાય નમઃ**
**૪. શ્રોત્રેન્દ્રિય વ્યંજનાવગ્રહ મતિજ્ઞાનાય નમઃ**
**૫. સ્પર્શેન્દ્રિય અર્થાવગ્રહ મતિજ્ઞાનાય નમઃ**
**૬. રસનેન્દ્રિય અર્થાવગ્રહ મતિજ્ઞાનાય નમઃ**
**૭. ઘ્રાણેન્દ્રિય અર્થાવગ્રહ મતિજ્ઞાનાય નમઃ**
**૮. ચક્ષુરિન્દ્રિય અર્થાવગ્રહ મતિજ્ઞાનાય નમઃ**
**૯. શ્રોત્રેન્દ્રિય અર્થાવગ્રહ મતિજ્ઞાનાય નમઃ**



**૧૦. માનસાર્થાવગ્રહ મતિજ્ઞાનાય નમઃ**
**૧૧. સ્પર્શનેન્દ્રિય ઈહા મતિજ્ઞાનાય નમઃ**
**૧૨. રસનેન્દ્રિય ઈહા મતિજ્ઞાનાય નમઃ**
**૧૩. ઘ્રાણેન્દ્રિય ઈહા મતિજ્ઞાનાય નમઃ**
**૧૪. ચક્ષુરિન્દ્રિય ઈહા મતિજ્ઞાનાય નમઃ**
**૧૫. શ્રોત્રેન્દ્રિય ઈહા મતિજ્ઞાનાય નમઃ**
**૧૬. મન ઈહા મતિજ્ઞાનાય નમઃ**
**૧૭. સ્પર્શનેન્દ્રિય અપાય મતિજ્ઞાનાય નમઃ**
**૧૮. રસનેન્દ્રિય અપાય મતિજ્ઞાનાય નમઃ**
**૧૯. ઘ્રાણેન્દ્રિય અપાય મતિજ્ઞાનાય નમઃ**
**૨૦. ચક્ષુરિન્દ્રિય અપાય મતિજ્ઞાનાય નમઃ**
**૨૧. શ્રોત્રેન્દ્રિય અપાય મતિજ્ઞાનાય નમઃ**
**૨૨. મન અપાય મતિજ્ઞાનાય નમઃ**
**૨૩. સ્પર્શનેન્દ્રિય ધારણા મતિજ્ઞાનાય નમઃ**
**૨૪. રસનેન્દ્રિય ધારણા મતિજ્ઞાનાય નમઃ**
**૨૫. ઘ્રાણેન્દ્રિય ધારણા મતિજ્ઞાનાય નમઃ**
**૨૬. ચક્ષુરિન્દ્રિય ધારણા મતિજ્ઞાનાય નમઃ**
**૨૭. શ્રોત્રેન્દ્રિય ધારણા મતિજ્ઞાનાય નમઃ**
**૨૮. મનો ધારણા મતિજ્ઞાનાય નમઃ**
**૨૯. અક્ષર શ્રુતજ્ઞાનાય નમઃ**
**૩૦. અનક્ષર શ્રુતજ્ઞાનાય નમઃ**
**૩૧. સંજ્ઞિ શ્રુતજ્ઞાનાય નમઃ**

૩૨. અસંજ્ઞિ શ્રુતજ્ઞાનાય નમઃ
૩૩. સમ્યક્ શ્રુતજ્ઞાનાય નમઃ
૩૪. મિથ્યા શ્રુતજ્ઞાનાય નમઃ
૩૫. સાદિ શ્રુતજ્ઞાનાય નમઃ
૩૬. અનાદિ શ્રુતજ્ઞાનાય નમઃ
૩૭. સપર્યવસિત શ્રુતજ્ઞાનાય નમઃ
૩૮. અપર્યવસિત શ્રુતજ્ઞાનાય નમઃ
૩૯. ગમિક શ્રુતજ્ઞાનાય નમઃ
૪૦. અગમિક શ્રુતજ્ઞાનાય નમઃ
૪૧. અંગપ્રવિષ્ટ શ્રુતજ્ઞાનાય નમઃ
૪૨. અનંગપ્રવિષ્ટ શ્રુતજ્ઞાનાય નમઃ
૪૩. અનુગામિ અવધિજ્ઞાનાય નમઃ
૪૪. અનનુગામિ અવધિજ્ઞાનાય નમઃ
૪૫. વર્ધમાન અવધિજ્ઞાનાય નમઃ
૪૬. હીયમાન અવધિજ્ઞાનાય નમઃ
૪૭. પ્રતિપાતિ અવધિજ્ઞાનાય નમઃ
૪૮. અપ્રતિપાતિ અવધિજ્ઞાનાય નમઃ
૪૯. ઋજુમતિ મનઃપર્યવજ્ઞાનાય નમઃ
૫૦. વિપુલમતિ મનઃપર્યવજ્ઞાનાય નમઃ
૫૧. લોકાલોક પ્રકાશક કેવલજ્ઞાનાય નમઃ



## શ્રી જ્ઞાનપદનું ચૈત્યવંદન

ક્ષિપ્રાદિક રસ રામ વહ્નિ, મિત આદિમ નાણ,
ભાવ મીલાપસે જિનજનિત, સુય વીશ પ્રમાણ. ૧
ભવ ગુણ પજ્જવ ઓહિ દોય, મણ લોચન નાણ,
લોકાલોક સરૂપ નાણ, ઇક કેવલ ભાણ. ૨
નાણાવરણી નાશથી એ, ચેતન નાણ પ્રકાશ,
સપ્તમ પદમે હીરધર્મ, નિત ચાહત અવકાશ. ૩

## શ્રી જ્ઞાનપદનું સ્તવન

જ્ઞાનપદ ભજિએ રે જગત સુહં કરૂ, પાંચ એકાવન ભેદે રે,
સમ્યગ્જ્ઞાન જે જિનવર ભાખિયું, જડતા જનની ઉચ્છેદે રે.
જ્ઞાન૦ એ આંકણી. ૧
ભક્ષાભક્ષ વિવેચન પરગડો, ખીર નીર જિમ હંસો રે,
ભાગ અનંતમો રે અક્ષરનો સદા, અપ્રતિપાતિ પ્રકાશ્યો રે. જ્ઞાન૦ ૨
મનથી ન જાણે રે કુંભકરણવિધિ, તેહથી કુંભ કેમ ખાશે રે?
જ્ઞાન દયાથી રે પ્રથમ છે નિયમાં, સદસદ્ભાવ વિકાશે રે. જ્ઞાન૦ ૩
કંચનનાણું રે લોચનવંત લહે, અંધે અંધ પુલાય રે,
એકાંતવાદી કે તત્ત્વ પામે નહીં, સ્યાદ્વાદ રસ સમુદાય રે. જ્ઞાન૦ ૪
જ્ઞાનભર્યા ભરતાદિક ભવ તર્યા, જ્ઞાન સકળ ગુણ મૂળ રે,
જ્ઞાની જ્ઞાનતણી પરિણિત થકી, પામે ભવજળ કૂળ રે. જ્ઞાન૦ ૫
અલ્પાગમ જઇ ઉગ્ર વિહાર કરે, વિચરે ઉદ્યમવંત રે,
ઉપદેશમાળામાં કિરિયા તેહની, કાયક્લેશ તસ હુંત રે. જ્ઞાન૦ ૬
જયંત ભૂપો રે જ્ઞાન આરાધતો, તીર્થંકર પદ પામે રે,
રવિ શશિ મેહ પરે જ્ઞાન અનંતગુણી, સૌભાગ્યલક્ષ્મી હિતકામે રે. જ્ઞાન૦ ૭

## શ્રી જ્ઞાનપદની સ્તુતિ

મતિ શ્રુત ઇંદ્રિય જનિત કહીએ, લહીએ ગુણ ગંભીરોજી,
આતમધારી ગણધર વિચારી, દ્વાદશ અંગ વિસ્તારોજી;
અવધિ મનઃપર્યય કેવલવળી, પ્રત્યક્ષ રૂપ અવધારોજી,
એ પંચ જ્ઞાનકું વંદો પૂજો, ભવિજનને સુખકારોજી. ૧

## આઠમો દિવસ

| | |
|---|---|
| **પદ** : શ્રી ચારિત્ર | **કાઉસ્સગ્ગ** : ૭૦ |
| **વર્ણ** : સફેદ, આયંબિલ એક ધાન્યનું, ચોખાનું. | **સાથિયા** : ૭૦ |
| **નવકારવાળી** : વીશ. ૐ હ્રીઁ નમો ચારિત્તસ્સ | **પ્રદક્ષિણા** : ૭૦ |
| | **ખમાસમણાં** : ૭૦ |

### ખમાસમણનો દુહો

જાણ ચારિત્ર તે આતમા, નિજ સ્વભાવમાં રમતો રે,
લેશ્યા શુદ્ધ અલંકર્યો, મોહ વને નવિ ભમતો રે,
વીર જિનેશ્વર ઉપદિશે, તુમે સાંભળજો ચિત્ત લાઈ રે,
આતમ ધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઈ રે. વીર૦

### ચારિત્રપદના ૭૦-ગુણ

૧. પ્રાણાતિપાતવિરમણરૂપ ચારિત્રાય નમઃ
૨. મૃષાવાદવિરમણરૂપ ચારિત્રાય નમઃ
૩. અદત્તાદાનવિરમણરૂપ ચારિત્રાય નમઃ



૪. મૈથુનવિરમણરૂપ ચારિત્રાય નમઃ
૫. પરિગ્રહવિરમણરૂપ ચારિત્રાય નમઃ
૬. ક્ષમાધર્મરૂપ ચારિત્રાય નમઃ
૭. આર્જવધર્મરૂપ ચારિત્રાય નમઃ
૮. મૃદુતાધર્મરૂપ ચારિત્રાય નમઃ
૯. મુક્તિધર્મરૂપ ચારિત્રાય નમઃ
૧૦. તપોધર્મરૂપ ચારિત્રાય નમઃ
૧૧. સંયમધર્મરૂપ ચારિત્રાય નમઃ
૧૨. સત્યધર્મરૂપ ચારિત્રાય નમઃ
૧૩. શૌચધર્મરૂપ ચારિત્રાય નમઃ
૧૪. અકિંચનધર્મરૂપ ચારિત્રાય નમઃ
૧૫. બ્રહ્મચર્યધર્મરૂપ ચારિત્રાય નમઃ
૧૬. પૃથ્વીરક્ષાસંયમ ચારિત્રાય નમઃ
૧૭. ઉદકરક્ષાસંયમ ચારિત્રાય નમઃ
૧૮. તેજોરક્ષાસંયમ ચારિત્રાય નમઃ
૧૯. વાયુરક્ષાસંયમ ચારિત્રાય નમઃ
૨૦. વનસ્પતિરક્ષાસંયમ ચારિત્રાય નમઃ
૨૧. દ્વીન્દ્રિયરક્ષાસંયમ ચારિત્રાય નમઃ
૨૨. ત્રીન્દ્રિયરક્ષાસંયમ ચારિત્રાય નમઃ
૨૩. ચતુરિન્દ્રિય રક્ષાસંયમ ચારિત્રાય નમઃ

૨૪. પંચેન્દ્રિયરક્ષાસંયમ ચારિત્રાય નમઃ
૨૫. અજીવરક્ષાસંયમ ચારિત્રાય નમઃ
૨૬. પ્રેક્ષાસંયમ ચારિત્રાય નમઃ
૨૭. ઉપેક્ષાસંયમ ચારિત્રાય નમઃ
૨૮. અતિરિક્ત વસ્ત્ર ભક્તાદિપરિસ્થાપનત્યાગરૂપ૦ ચારિત્રાય નમઃ
૨૯. પ્રમાર્જનરૂપસંયમ ચારિત્રાય નમઃ
૩૦. મનઃસંયમ ચારિત્રાય નમઃ
૩૧. વાક્સંયમ ચારિત્રાય નમઃ
૩૨. કાયસંયમ ચારિત્રાય નમઃ
૩૩. આચાર્ય વૈયાવૃત્યરૂપસંયમ ચારિત્રાય નમઃ
૩૪. ઉપાધ્યાય વૈયાવૃત્યરૂપસંયમ ચારિત્રાય નમઃ
૩૫. તપસ્વિવૈયાવૃત્યરૂપસંયમ ચારિત્રાય નમઃ
૩૬. લઘુશિષ્યાદિવૈયાવૃત્યરૂપસંયમ ચારિત્રાય નમઃ
૩૭. ગ્લાન સાધુ વૈયાવૃત્યરૂપસંયમ ચારિત્રાય નમઃ
૩૮. સાધુ વૈયાવૃત્યરૂપ સંયમ ચારિત્રાય નમઃ
૩૯. શ્રમણોપાસક વૈયાવૃત્યરૂપ ચારિત્રાય નમઃ
૪૦. સંઘ વૈયાવૃત્યરૂપ ચારિત્રાય નમઃ
૪૧. કુલ વૈયાવૃત્યરૂપ ચારિત્રાય નમઃ
૪૨. ગણ વૈયાવૃત્યરૂપ ચારિત્રાય નમઃ
૪૩. પશુપંડગાદિરહિત વસતિ વસન બ્રહ્મગુપ્તિ ચારિત્રાય નમઃ



૪૪. સ્ત્રી હાસ્યાદિ વિકથા વર્જન બ્રહ્મગુપ્તિ ચારિત્રાય નમઃ
૪૫. સ્ત્રી આસન વર્જન બ્રહ્મગુપ્તિ ચારિત્રાય નમઃ
૪૬. સ્ત્રી અઙ્ગોપાઙ્ગ નિરીક્ષણ વર્જન બ્રહ્મગુપ્તિચારિત્રાય નમઃ
૪૭. કુટ્યાન્તર સ્થિત સ્ત્રી હાવભાવ શ્રવણવર્જન બ્રહ્મગુપ્તિ ચારિત્રાય નમઃ
૪૮. પૂર્વસ્ત્રીસંભોગ ચિન્તન વર્જન બ્રહ્મગુપ્તિ ચારિત્રાય નમઃ
૪૯. અતિસરસ આહાર વર્જનબ્રહ્મગુપ્તિ ચારિત્રાય નમઃ
૫૦. અતિઆહાર કરણ વર્જન બ્રહ્મગુપ્તિ ચારિત્રાય નમઃ
૫૧. અઙ્ગવિભૂષા વર્જન બ્રહ્મગુપ્તિ ચારિત્રાય નમઃ
૫૨. અનશન તપોરૂપ ચારિત્રાય નમઃ
૫૩. ઔનોદર્ય તપોરૂપ ચારિત્રાય નમઃ
૫૪. વૃત્તિસંક્ષેપ તપોરૂપ ચારિત્રાય નમઃ
૫૫. રસત્યાગ તપોરૂપ ચારિત્રાય નમઃ
૫૬. કાયક્લેશ તપોરૂપ ચારિત્રાય નમઃ
૫૭. સંલેષણા તપોરૂપ ચારિત્રાય નમઃ
૫૮. પ્રાયશ્ચિત્ત તપોરૂપ ચારિત્રાય નમઃ
૫૯. વિનય તપોરૂપ ચારિત્રાય નમઃ
૬૦. વૈયાવૃત્ય તપોરૂપ ચારિત્રાય નમઃ
૬૧. સ્વાધ્યાય તપોરૂપ ચારિત્રાય નમઃ
૬૨. ધ્યાન તપોરૂપ ચારિત્રાય નમઃ
૬૩. કાયોત્સર્ગ તપોરૂપ ચારિત્રાય નમઃ

૬૪. અનન્ત જ્ઞાન સંયુક્ત ચારિત્રાય નમઃ
૬૫. અનન્ત દર્શન સંયુક્ત ચારિત્રાય નમઃ
૬૬. અનન્ત ચારિત્ર સંયુક્ત ચારિત્રાય નમઃ
૬૭. ક્રોધ નિગ્રહ કરણ ચારિત્રાય નમઃ
૬૮. માનનિગ્રહ કરણ ચારિત્રાય નમઃ
૬૯. માયાનિગ્રહ કરણ ચારિત્રાય નમઃ
૭૦. લોભનિગ્રહ કરણ ચારિત્રાય નમઃ

## શ્રી ચારિત્રપદનું ચૈત્યવંદન

જસ્સ પસાયે બહુ પાય, જુગ જુગ સમિતેંદ,
નમન કરે શુભ ભાવ લાય, કુણ નરપતિ વૃંદ...૧
જંપે ધરી અરિહંતરાય, કરી કર્મ નિકંદ,
સુમતિ પંચ તીન ગુપ્તિ યુક્ત, દે સુખ અમંદ...૨
ઈષુ કૃતિ માન કષાયથીએ, રહિત લેશ શુચિવંત,
જીવ ચરિત્ત કું હીરધર્મ, નમન કરત નિત સંત...૩

## શ્રી નવપદજીનું સ્તવન

નવપદ મહિમા સાર, સાંભળજો નરનાર, આ છે લાલ! હેજ ધરી આરાધીએજી, તો પામો ભવપાર, પુત્ર કલત્ર પરિવાર આ છે લાલ! નવ દિન મંત્ર આરાધીએજી. ૧ આસો માસ સુવિચાર, નવ આંબિલ નિરધાર, આ છે લાલ! વિધિશું જિનવર પૂજિયેજી, અરિહંત સિદ્ધપદ સાર, ગણણું તેર હજાર, આ છે લાલ! નવપદ મહિમા કીજીએજી. ૨.



મયણાસુંદરી શ્રીપાલ, આરાધ્યો તત્કાળ, આ છે લાલ! ફળદાયક તેહને થયોજી, કંચનવરણી કાય, દેહડી તેહની થાય, આ છે લાલ! સિદ્ધચક્ર મહિમા કહ્યોજી, ૩. સાંભળી સહુ નરનાર, આરાધ્યો નવકાર, આ છે લાલ ! હેજ ધરી હૈડે ઘણુંજી, ચૈત્ર માસ વળી એહ, ધરો નવપદશું નેહ, આ છે લાલ પૂજ્યો દે શિવસુખ ઘણુંજી. ૪. એણી પરે ગૌતમસ્વામ, નવનિધિ જેહને નામ, આ છે લાલ! નવપદ મહિમા વખાણીએજી, ઉત્તમસાગર શિષ્ય, પ્રણમે તે નિશદિન, આ છે લાલ! નવપદ મહિમા જાણીએજી. ૫.

## શ્રી ચારિત્રપદની સ્તુતિ

કર્મ અપચય દૂર ખપાવે, આતમ ધ્યાન લગાવેજી,
બારે ભાવના શુદ્ધિ ભાવે, સાગર પાર ઉતારેજી,
ષટ્ ખંડ રાજકું દૂર તજીને, ચક્રી સંજમ ધારેજી,
એહવો ચારિત્રપદ નિત વંદો, આતમ ગુણ હિતકારેજી...(૧)

## નવમો દિવસ

| | |
|---|---|
| **પદ** : શ્રી તપ | **કાઉસ્સગ્ગ-૫૦** લોગસ્સ |
| **વર્ણ** : સફેદ, આયંબિલ એક ધાન્ય તે ચોખાનું. | **સાથિયા-૫૦** |
| | **પ્રદક્ષિણા** તથા |
| **નવકારવાળી** : વીશ .ૐ હ્રીં નમો તવસ્સ. | **ખમાસમણાં-૫૦** |

### ખમાસમણનો દુહો

ઈચ્છારોધે સંવરી, પરિણતિ સમતા યોગે રે,
તપ તે એહિ જ આતમા, વર્તે નિજ ગુણ ભોગે રે,

વીર જિણેસર ઉપદિશે, તુમ સાંભળજો ચિત્ત લાઈ રે,
આતમ ધ્યાને આતમા, રિદ્ધિ મળે સવિ આઈ રે.

## તપપદના ૫૦ ગુણ

૧. યાવત્કથિક તપસે નમઃ
૨. ઈત્વરકથિક તપસે નમઃ
૩. બાહ્ય ઔનોદર્ય તપસે નમઃ
૪. અભ્યન્તર ઔનોદર્ય તપસે નમઃ
૫. દ્રવ્યતઃ વૃત્તિસંક્ષેપ તપસે નમઃ
૬. ક્ષેત્રતઃ વૃત્તિસંક્ષેપ તપસે નમઃ
૭. કાલતઃ વૃત્તિસંક્ષેપ તપસે નમઃ
૮. ભાવતઃ વૃત્તિસંક્ષેપ તપસે નમઃ
૯. કાયક્લેશ તપસે નમઃ
૧૦. રસત્યાગ તપસે નમઃ
૧૧. ઈન્દ્રિય કષાય યોગવિષયક સંલીનતા તપસે નમઃ
૧૨. સ્ત્રી-પશુ-પણ્ડગાદિવર્જિતસ્થાનાવસ્થિત તપસે નમઃ
૧૩. આલોચના પ્રાયશ્ચિત્ત તપસે નમઃ
૧૪. પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્ત તપસે નમઃ
૧૫. મિશ્ર પ્રાયશ્ચિત્ત તપસે નમઃ
૧૬. વિવેક પ્રાયશ્ચિત્ત તપસે નમઃ
૧૭. કાયોત્સર્ગ પ્રાયશ્ચિત્ત તપસે નમઃ
૧૮. તપઃ પ્રાયશ્ચિત્ત તપસે નમઃ



૧૯. છેદ પ્રાયશ્ચિત્ત તપસે નમઃ
૨૦. મૂલ પ્રાયશ્ચિત્ત તપસે નમઃ
૨૧. અનવસ્થિત પ્રાયશ્ચિત્ત તપસે નમઃ
૨૨. પારાંચિત પ્રાયશ્ચિત્ત તપસે નમઃ
૨૩. જ્ઞાન વિનયરૂપ તપસે નમઃ
૨૪. દર્શન વિનયરૂપ તપસે નમઃ
૨૫. ચારિત્ર વિનયરૂપ તપસે નમઃ
૨૬. મનો વિનયરૂપ તપસે નમઃ
૨૭. વચન વિનયરૂપ તપસે નમઃ
૨૮. કાય વિનયરૂપ તપસે નમઃ
૨૯. ઉપચાર વિનયરૂપ તપસે નમઃ
૩૦. આચાર્ય વૈયાવૃત્ય તપસે નમઃ
૩૧. ઉપાધ્યાય વૈયાવૃત્ય તપસે નમઃ
૩૨. સાધુ વૈયાવૃત્ય તપસે નમઃ
૩૩. તપસ્વિ વૈયાવૃત્ય તપસે નમઃ
૩૪. લઘુશિષ્યાદિ વૈયાવૃત્ય તપસે નમઃ
૩૫. ગ્લાન સાધુ વૈયાવૃત્ય તપસે નમઃ
૩૬. શ્રમણોપાસક વૈયાવૃત્ય તપસે નમઃ
૩૭. સંઘ વૈયાવૃત્ય તપસે નમઃ
૩૮. કુલ વૈયાવૃત્ય તપસે નમઃ
૩૯. ગણ વૈયાવૃત્ય તપસે નમઃ

૪૦. વાચના તપસે નમઃ
૪૧. પૃચ્છના તપસે નમઃ
૪૨. પરાવર્ત્તના તપસે નમઃ
૪૩. અનુપ્રેક્ષા તપસે નમઃ
૪૪. ધર્મકથા તપસે નમઃ
૪૫. આર્ત્તધ્યાન નિર્વૃત્તિ તપસે નમઃ
૪૬. રૌદ્રધ્યાન નિર્વૃત્તિ તપસે નમઃ
૪૭. ધર્મધ્યાન ચિન્તન તપસે નમઃ
૪૮. શુક્લધ્યાન ચિન્તન તપસે નમઃ
૪૯. બાહ્ય કાયોત્સર્ગ તપસે નમઃ
૫૦. અભ્યન્તર કાયોત્સર્ગ તપસે નમઃ

છેલ્લે દિવસે વિશેષમાં શ્રી નવપદજી મહારાજની વિસ્તારથી પૂજા ભણાવવી તથા ફળ-ફૂલ-નૈવેદ્ય વગેરે વિશેષ ચઢાવવાં. નવપદજીના મંડળની રચના કરવી, રાત્રિ-જાગરણ કરવું. અને શ્રીપાલરાજાનો રાસ પૂર્ણ કરવો.

## શ્રી તપપદનું ચૈત્યવંદન

શ્રી ઋષભાદિક તીર્થનાથ, તદ્ભવ શિવ જાણ,
બિહિ અંતૈરપિ બાહ્ય મધ્ય, દ્વાદશ પરિમાણ. ૧
વસુકર મતિ આમોસહિ, આદિક લબ્ધિ નિદાન.
ભેદે સમતાયુત ખિણે, દગ્ઘન કર્મ વિતાન. ૨
નવમો શ્રી તપપદભલો એ, ઇચ્છારોધ સરૂપ,
વંદનસે નિત હીરધર્મ, દૂરે ભવતુ ભવકૂપ. ૩



## શ્રી તપપદનું સ્તવન

તપપદને પૂજીજે હો પ્રાણી! તપપદને પૂજીજે. એ આંકણી
સર્વ મંગળમાં પહેલું મંગળ, કર્મ નિકાચિત ટાળે,
ક્ષમાસહિત જે આહાર નિરીહતા, આતમઋદ્ધિ નિહાળે.
હો પ્રાણી! તપ૦ ૧

તે ભવ મુક્તિ જાયે જિનવર, ત્રણ ચઉ જ્ઞાને નિયમા,
તો યે તપ આચરણ ન મૂકે, અનંતગુણો તપ મહિમા,
હો પ્રાણી! તપ૦ ૨

પીઠ અને મહાપીઠ, મુનિશ્વર પૂરવભવ મલ્લિજિનનો,
સાધ્વી લખમણા તપ નવિ ફળિયો, દંભ ગયો નહિ મનનો.
હો પ્રાણી! તપ૦ ૩

અગ્યાર લાખ ને એંશી હજાર, પાંચસે પાંચ દીન ઉણા,
નંદઋષિયે માસખમણ કરી, કીધાં કામ સંપુન્ના.
હો પ્રાણી! તપ૦ ૪

તપ તપિયા ગુણ રત્ન સંવત્સર, ખંધક ક્ષમાના દરિયા,
ચૌદ હજાર સાધુમાં અધિક, ધન્નો તપગુણ ભરિયા,
હો પ્રાણી! તપ૦ ૫

ષડ્ ભેદ બાહિર તપના પ્રકાશ્યા, અભ્યંતર ષટ્ ભેદ,
બાર ભેદ તપ તપતાં નિર્મળ, સફળ અનેક ઉમેદ.
હો પ્રાણી! તપ૦ ૬

કનકકેતુ એહ પદને આરાધી, સાધી આતમ કાજ,
તીર્થંકરપદ અનુભવ ઉત્તમ, સૌભાગ્યલક્ષ્મી મહારાજ.
હો પ્રાણી! તપ૦ ૭

## શ્રી તપપદની સ્તુતિ

ઇચ્છારોધન તપ તે ભાખ્યો, આગમ તેહનો સાખીજી,
દ્રવ્ય ભાવસે દ્વાદશ દાખી, જોગ સમાધિ રાખીજી,
ચેતન નિજ ગુણ પરિણતિ પેખી, તેહીજ તપ ગુણ દાખીજી,
લબ્ધિ સકલનો કારણ દેખી, ઈશ્વર મુખ સે ભાખીજી. ૧

## દસમો દિવસ
### પારણાના દિવસનો વિધિ

પદ : ૐ હ્રીં શ્રીં વિમલેશ્વર ચક્રેશ્વરી પૂજિતાય શ્રી સિદ્ધચક્રાય નમ:

નવકારવાળી : ૨૦ | સ્વસ્તિક : ૯
ખમાસમણાં : ૯ | કાઉસ્સગ્ગ: ૯
પ્રદક્ષિણા ૯

### ખમાસમણનો દુહો

સિદ્ધચક્રના ગુણ ઘણા, કહેતાં ન આવે પાર;
વાંછિતપૂરે દુ:ખ હરે, વંદું વાર હજાર.
ૐ હ્રીં શ્રીં સિદ્ધચક્રાય નમો નમ:

આ પ્રમાણે બોલી નવ ખમાસમણાં આપવા.

પારણાના દિવસે ઓછામાં ઓછું બિયાસણાનું પચ્ચક્ખાણ કરવું. હંમેશ મુજબ પ્રતિ-ક્રમણ, પડિલેહણ, દેવવંદન સવારના કરવા. વાસક્ષેપ પૂજા તેમજ ઉપર મુજબની વિધિ કરવી. પછી સ્નાન કરી શુદ્ધ થઈ સ્નાત્ર તથા સત્તરભેદી પૂજા ભણાવવી.

卐 卐 卐 卐



## નવપદની આરાધનાની સમજણ માટે તેનું યંત્ર અહીં આપવામાં આવે છે.

| ક્રમ | નામ | વર્ણ | ગુણ | કાઉ-લોગ | ખમા-સમણ | પ્રદ-ક્ષિણા | નવકાર-વાલી | ખાવા ચીજુ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | અરિહંત પદ | શુક્લ | ૧૨ | ૧૨ | ૧૨ | ૧૨ | ૨૦ | ચોખા |
| ૨ | સિદ્ધપદ | લાલ | ૮ | ૮ | ૮ | ૮ | ૨૦ | ઘઉં |
| ૩ | આચાર્યપદ | પીળો | ૩૬ | ૩૬ | ૩૬ | ૩૬ | ૨૦ | ચણા |
| ૪ | ઉપાધ્યાયપદ | લીલો | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૦ | મગ |
| ૫ | સાધુપદ | શ્યામ | ૨૭ | ૨૭ | ૨૭ | ૨૭ | ૨૦ | અડદ |
| ૬ | દર્શનપદ | શુક્લ | ૬૭ | ૬૭ | ૬૭ | ૬૭ | ૨૦ | ચોખા |
| ૭ | જ્ઞાનપદ | શુક્લ | ૫૧ | ૫૧ | ૫૧ | ૫૧ | ૨૦ | ચોખા |
| ૮ | ચારિત્રપદ | શુક્લ | ૭૦ | ૭૦ | ૭૦ | ૭૦ | ૨૦ | ચોખા |
| ૯ | તપપદ | શુક્લ | ૫૦ | ૫૦ | ૫૦ | ૫૦ | ૨૦ | ચોથા |

## શ્રી નવપદજીનાં ચૈત્યવંદનો

૧

જો ધુરિ સિરિઅરિહંતમૂલદઢપીઠપઇટ્ઠિઓ,
સિદ્ધ-સૂરિ-ઉવજ્ઝાય-સાહૂ-ચિહું સાહગરિટ્ઠિઓ. ૧
દંસણ-નાણ-ચરિત્તતવહિ પડિસાહાસુન્દરૂ,
તત્તક્ખરસરવગ્ગલદ્ધિ-ગુરુપયદલદુંબરૂ;
દિસિપાલજક્ખજક્ખિણીપમુહ-સુરકુસુમેહિં અલંકિઓ,
સો સિદ્ધચક્કગુરુકપ્પતરૂ, અમ્હ મણવંછિયફલ દિઓ. ૨

૨

## (ઉપજાતિ છંદ)

ઉપન્નસન્નાણમહોમયાણં, સપ્પાડિહેરાસણસંઠિયાણં,
સદેસણાણં દિયસજ્જણાણં, નમો નમો હોઉ સયા જિણાણં. ૧
સિદ્ધાણમાણંદરમાલયાણં, નમો નમોણંતચઉક્કયાણં,
સૂરીણ દૂરીકયકુગ્ગહાણં, નમો નમો સૂરસમપ્પહાણં. ૨
સુત્તત્થવિત્થારણતપ્પરાણં, નમો નમો વાયગકુંજરાણં,
સાહૂણ સંસાહિઅસંજમાણં, નમો નમો સુદ્ધદયાદમાણં. ૩
જિણુત્તતત્તે રુઈલક્ખણસ્સ, નમો નમો નિમ્મલદંસણસ્સ,
અન્નાણસંમોહતમોહરસ્સ, નમો નમો નાણદિવાયરસ્સ. ૪
આરાહિયાખંડિયસક્કિઅસ્સ, નમો નમો સંજમવીરિયસ્ય,
કમ્મદ્દુમોમ્મૂલણકુંજરસ્સ, નમો નમો તિવ્વતવોભરસ્સ. ૫
ઈય નવપથસિદ્ધં, લદ્ધિવિજ્જાસમિદ્ધં,
પયડિયસુરવગ્ગં હ્રીઁતિરેહાસમગ્ગં,
દિસિવઈસુરસારં, ખોણિપીઢાવયારં,
તિજયવિજયચક્કં, સિદ્ધચક્કં નમામિ. ૬

૩

સકલમંગલપરમકમલા-કેલિમંજુલમંદિરં,
ભવકોટિસંચિતપાપનાશન, નમો નવપદ જયકરં. ૧
અરિહંત-સિદ્ધ-સૂરીશ-વાચક-સાધુ-દર્શન-સુખકરં,
વરજ્ઞાનપદ-ચારિત્ર-તપ એ, નમો નવપદ જયકરં. ૨
શ્રીપાળરાજા, શરીર સાજા, સેવતા નવપદ વરં,
જગમાંહિ ગાજા, કીર્તિભાજા, નમો નવપદ જયકરં. ૩



શ્રી સિદ્ધચક્ર પસાય સંકટ, આપદા નાસે સવે,
વળી વિસ્તરે સુયશ મનોવાંછિત, નમો નવપદ જયકરં. ૪
આંબિલ નવ દિન દેવવંદન, ત્રણ ટંક નિરંતરં,
બે વાર પડિક્કમણાં પલેવણ, નમો નવપદ જયકરં. ૫
ત્રણ કાળ ભાવે પૂજીએ, ભવતારકં તીર્થંકરં,
તિમ ગુણણું દોહ હજાર ગણીએ, નમો નવપદ જયકરં. ૬
વિધિ સહિત મન, વચન, કાયા, વશ કરી આરાધીએ,
તપ વર્ષ સાડાચાર નવપદ, શુદ્ધ સાધન સાધીએ. ૭
મદ-કષ્ટ ચૂરે શર્મ પૂરે, યક્ષ વિમલેશ્વર વરં,
શ્રી સિદ્ધચક્ર પ્રતાપ જાણી, વિજય વિલસે સુખભરં. ૮

૪

શ્રી સિદ્ધચક્ર આરાધતાં, સુખ સંપત્તિ લહીએ,
સુરતરુ ને સુરમણિથકી, અધિકજ મહિમા કહીએ. ૧
અષ્ટ કર્મહાણી કરી, શિવમંદિર રહીએ,
વિધિશું નવપદ ધ્યાનથી, પાતિક સવિ દમીએ. ૨
સિદ્ધચક્ર જે સેવશે, એકમના નર નાર,
મનવાંછિત ફલ પામશે, તે સવિ ત્રિભુવન મોજાર. ૩
અંગ દેશ ચંપા પુરી, તસ કેરો ભૂપાલ,
મયણા સાથે તપ તપે, તે કુંવર શ્રીપાલ. ૪
સિદ્ધચક્રજીના ન્હવણથકી, જસ નાઠા રોગ,
તત્ક્ષણ ત્યાંથી તે લહે, શિવસુખ સંજોગ. ૫
સાતસે કોઢી હોતા, હુવા નિરોગી જેહ,
સોવન વાને ઝલહલે, જેહની નિરૂપમ દેહ. ૬

તેણે કારણ તમે ભવિજનો, પ્રહ ઉઠી ભક્તે,
આસો માસ ચૈત્ર થકી, આરાધો જુગતે. ૭
સિદ્ધચક્ર ત્રણ કાલના, વંદો વલી દેવ,
પડિક્કમણું કરી ઉભય કાલ, જિનવર મુનિ સેવ. ૮
નવપદ ધ્યાન હૃદયે ધરો, પ્રતિપાળો ભવિ શીલ,
નવપદ આંબિલ તપ તપો, જેણે હોય લીલમ લીલ. ૯
પહેલે પદ અરિહંતનું, નિત્ય કીજે ધ્યાન,
બીજે પદ વલી સિદ્ધના, કરીએ ગુણગાન. ૧૦
આચારજ ત્રીજે પદે, જપતાં જયજયકાર,
ચોથે પદ ઉવજ્ઝાયના, ગુણ ગાઉં ઉદાર. ૧૧
સર્વ સાધુ વંદું સહી, અઢીદ્વીપમાં જેહ,
પંચમ પદમાં તે સહી, ધરજો ધરી સ્નેહ. ૧૨
છઠ્ઠ પદ દરિસણ નમું, દરસન અજુવાલું,
જ્ઞાન પદ નમું સાતમે, તેમ પાપ પખાલું. ૧૩
આઠમે પદ રૂડે જપું, ચારિત્ર સુસંગ,
નવમે પદ બહુ તપ તપો, જિમ ફલ લહો અભંગ. ૧૪
એહી નવપદ ધ્યાનથી, જપતાં નાઠે કોઢ,
પંડિત **ધીરવિમલતણો,** નય વંદે કર જોડ. ૧૫

(૫)

પહેલે પદ અરિહંતના ગુણ ગાઉં નિત્યે,
બીજે સિદ્ધ તણા ઘણા, સમરો એક ચિત્તે. ૧
આચારજ ત્રીજે પદે, પ્રણમો બિહું કર જોડી,
નમિએ શ્રી ઉવજ્ઝાયને, ચોથે મદ મોડી. ૨



પંચમ પદ સર્વ સાધુનું, નમતાં ન આણો લાજ,
એ પરમેષ્ઠિ પંચને, ધ્યાને, અવિચલ રાજ. ૩
દંસણ શંકાદિક રહિત, પદ છઠ્ઠે ધારો,
સર્વ નાણપદ સાતમે, ક્ષણ એક ન વિસારો. ૪
ચારિત્ર ચોખું ચિત્તથી, પદ અષ્ટમ જપિયે,
સકલ ભેદ બિચ દાન-ફળ તપ નવમે તપિયે. ૫
એ સિદ્ધચક્ર આરાધતાં પૂરે વાંછિત કોડ,
**સુમતિવિજય** કવિરાયનો, રામ કહે કર જોડ. ૬

૬

શ્રી સિદ્ધચક્ર આરાધીએ, આસો ચૈત્ર માસ,
નવ દિન નવ આંબિલ કરી, કીજે ઓળી ખાસ. ૧
કેસર ચંદન ઘસી ઘણાં, કસ્તુરી બરાસ,
જુગતે જિનવર પૂજીયા, મયણા ને શ્રીપાળ. ૨
પૂજા અષ્ટ પ્રકારની, દેવવંદન ત્રણ કાળ,
મંત્ર જપો ત્રણ કાળ ને, ગણણું તેર હજાર. ૩
કષ્ટ ટળ્યું ઉંબર તણું, જપતાં નવપદ ધ્યાન,
શ્રી શ્રીપાળ નરીંદ થયા, વાધ્યો બમણો વાન. ૪
સાતસો કોઢી સુખ લહ્યા, પામ્યા નિજ આવાસ,
પુણ્યે મુક્તિવધૂ વર્યા, પામ્યા લીલવિલાસ. ૫

૧. પાંચ પરમેષ્ઠિના (૧૦૮) અને જ્ઞાનના (૫) દર્શનના (૫) ચારિત્રના (૧૦) અને તપના (૨), એમ કુલ (૧૩૦) ભેદની એકેક નવકારવાળી ગણતાં (તેના ૧૦૦ ગણતા હોવાથી) ૧૩૦૦૦ ગણણું થાય છે.

૭

બાર ગુણ અરિહંતના, તેમ સિદ્ધના આઠ,
છત્રીસ ગુણ આચાર્યના, જ્ઞાનતણા ભંડાર. ૧
પચ્ચીસ ગુણ ઉપાધ્યાયના, સાધુ સત્તાવીશ,
શ્યામવર્ણ તનુ શોભતા, જિનશાસનના ઈશ. ૨
જ્ઞાન નમું એકાવને, દર્શનના સડસઠ્ઠ,
સીત્તેર ગુણ ચારિત્રના, તપના બાર તે જિઠ્ઠ. ૩
એમ નવપદ યુક્તે કરી, ત્રણ શત અષ્ટ (૩૦૮)ગુણ થાય,
પૂજે જે ભવી ભાવશું, તેહના પાતક જાય. ૪
પૂજ્યા **મયણાસુંદરી,** તેમ નરપતિ શ્રીપાળ,
પુણ્યે મુક્તિસુખ લહ્યા, વરીયા મંગળમાળ. ૫

## શ્રી નવપદજીનાં સ્તવનો

(જગજીવન જગવાલહો-એ રાગ)

શ્રી સિદ્ધચક્ર આરાધીયે, શિવસુખ ફલ સહકાર લાલ રે,
જ્ઞાનાદિક ત્રણ રત્નનું, તેજ ચઢાવણહાર લાલ રે શ્રી સિ૦ ૧
ગૌતમ પૂછંતા કહ્યા, વીર જિણંદ વિચાર લાલ રે,
નવપદમંત્ર આરાધતાં ફલ લહે ભવિક અપાર લાલ રે. શ્રી સિ૦ ૨
ધર્મરથના ચાર ચક્ર છે-ઉપશમ ને સુવિવેક લાલ રે,
સંવર ત્રીજો જાણીએ, ચોથો શ્રી સિદ્ધચક્ર લાલ રે. શ્રી સિ૦ ૩
ચક્રી ચક્ર ને રથ બલે, સાધે સયલ છ ખંડ લાલ રે,
તિમ સિદ્ધચક્ર પ્રભાવથી, તેજ પ્રતાપ અખંડ લાલ રે. શ્રી સિદ્ધ ૪
મયણા ને શ્રીપાલજી, જપતાં બહુ ફલ લીધા લાલ રે,
ગુણ જસવંત જિનેન્દ્રનો જ્ઞાન વિનોદ પ્રસિદ્ધ લાલ રે. શ્રી સિ૦૫



૨

(અજીત જિણંદશું પ્રીતડી એ-રાગ)

શ્રી સિદ્ધચક્ર આરાધીએ, જિન પામો હો ભવિ કોડ કલ્યાણ કે,
શ્રી શ્રીપાલતણી પરે સુખ પામો હો લહી નિર્મળ નાણ કે.
શ્રી સિદ્ધચક્ર આરાધીયે. ૧

નવપદ ધ્યાનધરો સદા, ચોખે ચિત્તે હો આણી બહુ ભાવ કે,
વિધિ આરાધન સાચવો, જિમ જગમાં હો હોય જશનો જમાવ કે.
શ્રી સિદ્ધચક્ર૦ ૨

કેસર ચંદન કુસુમશું, પૂજીજે હો ઉવેખી ધૂપ કે,
કુંદરુ અગર ને અગરજા, તપદિનતાં હો તપ કીજે ઘૃતદીપ કે,
શ્રી સિદ્ધચક્ર૦ ૩

આસો ચૈત્ર શુક્લપક્ષે, નવ દિવસે હો તપ કીજે એહ કે,
સહજ સોભાગી સુસંપદા, સોવન સમ હો ઝબકે તસ દેહ કે.
શ્રી સિદ્ધચક્ર૦ ૪

જાવજીવ શક્તે કરો, જિમ પામો હો નિત્ય નવલા ભોગ કે,
સાડા ચાર વરસ તથા, જિનશાસન હો એ મોટો યોગ કે.
શ્રી સિદ્ધચક્ર૦ ૫

વિમળદેવ સાન્નિધ્ય કરે ચક્રેશ્વરી હો કરે તાસ સહાય કે,
શ્રી જિનશાસન સોહીએ, એહ કરતાં હો અવિચળ સુખ થાય તે.
શ્રી સિદ્ધચક્ર૦ ૬

મંત્ર, તંત્ર, મણિ, ઔષધિ, વશ કરવા હો શિવરમણી કાજ કે,
ત્રિભુવન તિલક સમોવડો, હોય તે નર હો કહે નય કવિરાજ કે.
શ્રી સિદ્ધચક્ર૦ ૭

૩

(નમો રે નમો શ્રી શેત્રુંજા ગિરિવર-એ દેશી.)

સકલ સુરાસુર વંદ્ય નમીજે, શ્રીસિદ્ધચક્ર પ્રધાન રે,
ઇહ ભવ પરભવ શિવસુખ કારણ, વારણ કર્મ વિતાન રે. સ૦ ૧
પ્રથમ પદે અરિહંત નમીજે, ચાર અતિશયવંત રે,
પ્રાતિહારજ આઠની શોભા, બાર ગુણે ભગવંત રે. સ૦ ૨
આઠ કરમને નાશે જિનવર, આઠ ગુણે પ્રગટાય રે,
એહવા સિદ્ધ પ્રભુને નમતાં, દુરિત સકલ દૂર જાય રે. સ૦ ૩
આચારજ પ્રણમો પદ ત્રીજે, ગુણ છત્રીસ સુહાય રે,
પાઠક પદ ચોથું નિત પ્રણમું, ગુણ પચવીસ કહાય રે. સ૦ ૪
સત્તાવીસ ગુણે કરી સાધુ, દુષ્ટ કરમ ભવ જીપે રે,
ચાર સદ્દહણા આદે સડસઠ, ભેદે દરિસણ દીપે રે. સ૦ ૫
સાતમો નાણ નમો ભવી ભાવે, ભક્તિ કરી શુભ મન્ન રે,
પાંચ કહ્યાં મૂલ ભેદજ ચારૂ, ઉત્તર એકાવન્ન રે. સ૦ ૬
સંયમ સત્તર પ્રકારે આરાધો, નવમે પદ તપ સારે રે,
તે તપ બારે ભેદે વખાણ્યો, અવિચલ પદ દાતાર રે. સ૦ ૭
એ નવપદમાં આતમા રે, નિજ આતમમાં એહ રે,
મયણા ને શ્રીપાલે આરાધ્યો, નવમે ભવે શિવગેહ રે. સ૦ ૮
પાંચ ગુણીમાં ગુણ રહ્યા રે, ગુણી સેવે ગુણ હોય રે,
ધ્યેય ને ધ્યાતા ધ્યાનથી જાણો, ભેદ રહ્યા નવિ કોય રે. સ૦ ૯
ઇમ નવપદ જે ધ્યાવે પ્રાણી તે **શુભવિજય** વરંત રે,
વીર કહે સુણ શ્રેણીક તે નર, સિદ્ધિવધૂ-વર-કંત રે. સ૦ ૧૦



૪

નવપદ ધ્યાન સદા જયકારી. (એ આંકણી)

અરિહંત સિદ્ધ આચારજ પાઠક, સાધુ દેખો ગુણરૂપ ઉદારી. નવ. ૧
દર્શન જ્ઞાન ચારિત્ર હે ઉત્તમ, તપ જેમ દોય ભેદ હૃદય વિચારી. નવ૦૨
મંત્ર જડી ઔર તંત્ર ઘણેરા, ઉન સબકુ હમ દૂર નિવારી. નવ૦૩
બહોત જીવ ભવજલસે તારે, ગુણ ગાવત હે બહુ નર નારી નવ૦૪
શ્રી જિન ભક્ત મોહન મુનિ વંદન, દિન દિનચઢતે હર્ષ અપારી. નવ૦૫

## શ્રી નવપદજીની થોયો

વીર જિનેશ્વર અતિ અલવેસર, ગૌતમ ગુણના દરિયાજી,
એક દિન આણા વીરની લઈને, રાજગૃહી સંચરીયાજી;
શ્રેણિક રાજા વંદન આવ્યા, ઉલટ મનમાં આણીજી,
પર્ષદા આગલ બાર બિરાજે, હવે સુણો ભવી પ્રાણીજી. ૧
માનવ ભવ તુમે પુણ્યે પામ્યા, શ્રી સિદ્ધચક્ર આરાધોજી,
અરિહંત-સિદ્ધ-સૂરિ-ઉવજ્ઝાયા, સાધુ દેખી ગુણ વાધોજી;
દરિસણ-નાણ-ચારિત્ર-તપ કીજે, નવપદ ધ્યાન ધરીજેજી,
ધુર આસોથી કરવા આંબિલ, સુખ સંપદા પામીજેજી. ૨
શ્રેણિકરાય ગૌતમને પૂછે, સ્વામી એ તપ કેણે કીધોજી?
નવ આંબિલ તપ વિધિ શું કરતાં, વાંછિત સુખ કેણે લીધોજી?
મધુરીધ્વનિ બોલ્યા શ્રી ગૌતમ, સાંભળો શ્રેણિકરાય વયણાજી,
રોગ ગયો ને સંપદા પામ્યા, શ્રી શ્રીપાળ ને મયણાજી. ૩
રૂમઝુમ કરતી પાયે નેઉર, દીસે દેવી રૂપાલીજી,
નામ ચક્કેસરી ને સિદ્ધાઈ, આદિજિન-વીર રખવાલીજી;
વિઘ્ન ક્રોડ હરે સહુ સંઘનાં જે સેવે એના પાયજી,
**ભાણવિજય** કવિ સેવક નય કહે, સાંનિધ્ય કરજો માયજી. ૪

૨

શ્રી સિદ્ધચક્ર સેવો સુવિચાર, આણી હૈડે હરખ અપાર, જિમ લહો સુખ શ્રીકાર, મન શુદ્ધે ઓલી તપ કીજે અહોનિશ નવપદ ધ્યાન ધરીને, જિનવર પૂજા કીજે. પડિક્કમણાં દોય ટંકનાં કીજે, આઠે થુઇએ દેવ વાંદીજે, ભૂમિ સંથારો કીજે, મૃષાતણો કીજે પરિહાર, અંગે શીયલ ધરીજે સાર, દીજે દાન અપાર. ૧. અરિહંત સિદ્ધ, આચાર્ય નમીજે, વાચક સર્વે સાધુ વંદજી, દંસણ નાણ થુણીજે, ચારિત્ર તપનું ધ્યાન ધરીજે, અહોનિશ નવપદ ગણણું ગણીજે, નવ આંબિલ પણ કીજે. નિશ્ચલ રાખીને મન જપીએ પદ એક એકને ઇશ, નવકારવાલી વીશ, છેલ્લે આંબિલ પણ કીજે, સત્તરભેદી જિનપૂજા રચીજે, માનવભવ ફળ લીજે. ૨. સાતસેં કુષ્ટીના રોગ નાઠા, યંત્ર નમણ સંજોગ, દૂર હુઆ કર્મના ભોગ. કષ્ટ અઢારે દૂર જાયે. દુઃખ દોહગ સવિ દૂર પલાયે, મનવાંછિત સુખ થાયે. નિરધનીયાને દે બહુ ધન્ન, અપુત્રીયાને પુત્રરત્ન, જે સેવે શુદ્ધ મંત્ર નવકાર સમો નહીં કોઇ મંત્ર, સિદ્ધચક્ર સમો નહીં કોઇ યંત્ર, સેવો ભવિ હરખંત. ૩. જિન સેવ્યા મયણા શ્રીપાલ, ઉંબર રોગ ગયો તત્કાળ, પામ્યા મંગળ માલ શ્રીપાલ તણી પેરે જે આરાધે, દિન દિન દોલત તસ ઘર વાધે, અંતે શિવસુખ સાધે, વિમલેશ્વર યક્ષ સેવા સારે, આપદા કષ્ટને દૂર નિવારે, દોલત લક્ષ્મી વધારે **મેઘવિજય** કવિરાયનો શિષ્ય હૈડે ભાવ ધરી જગદીશ, વિનય વંદે નિશદિશ. ૪.



૩

અરિહંત નમો, વલી સિદ્ધ નમો, આચારજ વાચક, સાહુ નમો,
દર્શન જ્ઞાન ચારિત્ર નમો, તપ, એ સિદ્ધચક્ર સદા પ્રણમો. ૧
અરિહંત અનંત થયા થાશે, વળી ભાવનિક્ષેપે ગુણ ગાશે,
પડિક્કમણાં દેવવંદન વિધિશું, આંબિલ તપ ગણણું ગણવું વિધિશું. ૨
છ'રી પાળી જે તપ કરશે, શ્રીપાલતણી પરે ભવ તરશે,
સિદ્ધચક્રને કુણ આવે તોલે, એહવા જિન આગમ ગુણ બોલે. ૩
સાડાચાર વરસે તપ પૂરો, એ કર્મ વિદારણ તપ શૂરો,
સિદ્ધચક્રને મનમંદિર થાપો, **નયવિમલેસર** વર આપો. ૪

૪

પ્રહ ઉઠી વંદું, સિદ્ધચક્ર સદાય,
જપીએ નવપદનો, જાપ સદા સુખદાય;
વિધિપૂર્વક એ તપ, જે કરે થઇ ઉજમાલ,
તે સવિ સુખ પામે, જેમ મયણા શ્રીપાલ. ૧
માલવપતિ પુત્રી, મયણા અતિ ગુણવંત,
તસ કર્મ સંયોગે કોઢી મળીયો કંત;
ગુરુવયણે તેણે આરાધ્યું તપ એહ,
સુખ સંપદ વરિયાં તરિયાં ભવજલ તેહ. ૨
આંબિલ ને ઉપવાસ, છઠ્ઠમ વલી અઠ્ઠમ,
દશ અઠ્ઠાઇ પંદર, માસ છ માસી વિશેષ;
ઇત્યાદિ તપ બહુ, સહુમાંહિ શિરદાર,
જે ભવિયણ કરશે, તે તરશે સંસાર. ૩
તપ સાંનિધ્ય કરશે, શ્રી વિમલેશ્વર યક્ષ,
સહુ સંઘના સંકટ, ચૂરે થઇ પ્રત્યક્ષ;

પુંડરીક ગણધર, કનકવિજય બુધ શિષ્ય,
બુધ **દર્શનવિજય** કહે પહોંચે સકલ જગીશ. ૪

૫

વીર જિનેશ્વર ભુવન દીનેશ્વર, જગદીશ્વર જયકારીજી,
શ્રેણિક નરપતિ આગળ જંપે, સિદ્ધચક્ર તપ સારીજી;
સમકિતદૃષ્ટિ ત્રિકરણ શુદ્ધે, જે ભવિયણ આરાધેજી,
શ્રી શ્રીપાલ નરીંદ પરે તસ મંગળકમળા વાધેજી. ૧

અરિહંત વચ્ચે, સિદ્ધ, સૂરી, પાઠક, સાહુ ચિહુ દિશિ સોહેજી,
દંસણ, નાણ, ચરણ, તપ વિદિશે, એહ નવપદ મનમોહેજી;
આઠ પાંખંડી હૃદયાંબુજ રોપી, લોપી રાગ ને રીશજી,
ૐ હ્રીઁ પદ એકેકની ગણીએ, નવકારવાળી વીશજી. ૨

આસો ચૈત્ર શુદિ સાતમથી, માંડી શુભ મંડાણજી,
નવનિધિદાયક નવ નવ આંબિલ, એમ એકાશી પ્રમાણજી;
દેવવંદન પડિક્કમણું પૂજા, સ્નાત્રમહોત્સવ, અંગજી,
એહ વિધિ સઘળો જિહાં ઉપદિશ્યો, પ્રણમું અંગ ઉપાંગજી. ૩

તપ પૂરે ઉજમણું કીજે, લીજે નરભવ લાહોજી,
જિનગૃહ પ્રતિમા સાધર્મિવત્સલ, સાધુભક્તિ ઉત્સાહોજી;
વિમલેશ્વર ચક્રેશ્વરી દેવી, સાંનિધ્યકારી રાજેજી,
શ્રી ગુરુ **ક્ષમાવિજય** સુપસાયે, મુનિ જિન મહિમા છાજેજી. ૪

૬

અંગ દેશ ચંપાપુરી વાસી, મયણા ને શ્રીપાળ સુખાશી,
સમકિતશું મન વાસી, આદિ જિનેશ્વરની ઉલ્લાસી;



ભાવે પૂજા કીધી મન આશી, ભાવ ધરી વિશ્વાસી,
ગલિત કોઢ ગયો તેણે નાશી, સુવિધિશું સિદ્ધચક્ર ઉપાસી,
થયા સ્વર્ગના વાસી, આસો ચૈત્રતણી પૂર્ણમાસી;
પ્રેમે પૂજો ભક્તિ વિકાસી, આદિ પુરુષ અવિનાશી. ૧

કેસ ચંદન મૃગમદ ઘોળી, હરખેશું ભરી હેમ કચોળી,
શુદ્ધ જળે અંઘોળી, નવ આયંબિલની કીજે ઓળી;
આસો શુદિ સાતમથી ખોલી, પૂજો શ્રી જિન ટોળી,
ચઉગતિમાંહે આપદા ચોળી, દુર્ગતિનાં દુઃખ દૂરે ઢોળી,
કર્મ નિકાચિત રોળી, કર્મ કષાય તણા મદ રોળી,
જેમ શિવરમણી ભમર ભોળી, પામ્યા સુખની ઓળી. ૨

આસો સુદ સાતમ સવિચારી, ચૈત્રી પણ ચિત્તશું નિરધારી,
નવ આંબિલની સારી, ઓળી કીજે આળસ વારી;
પ્રતિક્રમણ બે કીજે ધારી, સિદ્ધચક્ર પૂજો સુખકારી,
શ્રી જિનભાષિત પર ઉપકારી નવદિન જાપ જપો નરનારી;
જેમ લહો મોક્ષની બારી, નવપદ મહિમા અતિ મનોહારી,
જિમ આગમ ભાખે ચમત્કારી, જોઉ તેહની બલિહારી. ૩

શ્યામ ભમર રસ સમવીણા કાળી, અતિસોહે સુંદર સુકુમાળી,
જાણે રાજરમણી, જલહર ચક્ર ધરે રૂપાળી;
શ્રી જિનશાસનની રખવાળી શ્રી ચક્રેશ્વરી મેં ભાળી,
જે એ ઓળી કરે ઉજમાળી, તેના વિઘ્ન હરે સા બાળી,
સેવન જન સાંભળી, **ઉદયરત્ન** કહે આસનવાળી,
જે જિન નામ જપે જપમાળી, તે ઘર નિત્ય દિવાળી. ૪

卐 卐 卐 卐

## નવપદ મંડળની રચનાનો વિધિ

પાંચ વર્ણનાં શાલિ પ્રમુખ ધાન્ય એકઠા કરી શ્રીસિદ્ધચક્રના મંડળની રચના કરવી. અરિહંતાદિક નવે પદોને વિષે શ્રીફળના ગોળાઓ મૂકવા. બીજોરાં, ખારેક, દાડમ, નારંગી, સોપારી ઇત્યાદિ ફળ ગોઠવીને મૂકવા. નવ ગ્રહ અને દશ દિક્‌પાળની રચના કરવી. મંડળ જેમ બને તેમ સુશોભિત થાય તેવી રીતે સોના રૂપાના વરખથી તથા ધ્વજાઓ વગેરેથી શણગારી આકર્ષક બનાવવું. રચનાની વિશેષ ગોઠવણી તેના જાણકાર પાસેથી શીખી લેવી.

## કાઉસ્સગ્ગ કરવાનો વિધિ

ખમાસમણ દેઇ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ (જે દિવસે જે પદ હોય તે) આરાધનાર્થં કાઉસ્સગ્ગ કરૂં ? ઇચ્છં કહી, વંદણવત્તિઆએ૦ અન્નત્થ૦ કહી. (જેટલા લોગસ્સનો હોય તેટલો) કાઉસ્સગ્ગ કરવો. પારી ને પ્રગટ એક લોગસ્સ કહેવો.

## પડિલેહણ વિધિ

ખમાસમણ દેઇ ઇરિયાવહિ પડિક્કમી, ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ પડિલેહણ કરૂં? ઇચ્છં કહી ક્રિયામાં વપરાતાં સર્વ ઉપકરણોની પ્રતિલેખણા કરવી. પછી ઇરીયાવહિ પડિક્કમી કાજો લેવો. કાજો જોઇ સામાયિકમાં હોય તો ઇરીયાવહિ પડિક્કમી, અણુજાણહ જસ્સુગ્ગહો કહી ત્રણ વખત વોસિરે કહી યોગ્ય સ્થાનકે પરઠવવો.



## દેવવંદન વિધિ

પ્રથમ ઇરિયાવહિ પડિક્કમી ઉત્તરાસંગ નાંખી ચૈત્યવંદન કરવું. નમુત્થુણં સુધી કહી જયવીયરાય અડધા કહેવા પછી ખમાસમણ દેઇ ચૈત્યવંદનનો આદેશ માંગી ચૈત્યવંદન બોલવું. નમુત્થુણં સુધી કહી ઉભા થઇ અરિહંત ચેઇયાણં૦ વંદણવત્તિ૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરવો, પારી નમોઽર્હત્સિદ્ધા૦ કહી પહેલી થોય કહેવી. પછી લોગસ્સ૦ વંદણ૦ અન્નત્થ કહી એક નવકારનો કાઉસગ્ગ પારી બીજી થોય કહેવી તે પ્રમાણે પુક્ખરવર અને સિદ્ધાણં, બુદ્ધાણં કહી ત્રીજી ને ચોથી થોય બોલવી. છેલ્લી થોય વખતે નમોઽર્હત્ બોલવું. અને વંદણવત્તિ૦ ને બદલે વેયાવચ્ચગરાણં૦ કહેવું. પછી નમુત્થુણં કહી પ્રથમની વિધિ પ્રમાણે બીજી ચાર થોયો કહી નમુત્થુણં જાવંતિ ચેઇયાઇ, જાવંત કેવિ સાહૂ કહી સ્તવન બોલવું. પછી જયવીયરાય અડધા કહેવા ફરી ખમાસમણ દેઇ ત્રીજું ચૈત્યવંદન નમત્થુણં સુધી કરવું. પછી જયવીયરાય આખા કહેવા. સવારના દેવવંદન પછી ખમાસમણ દેઇ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ સજ્ઝાય કરૂં. ઇચ્છં કહી એક નવકાર બોલી મન્હ જિણાણંની સજ્ઝાય કહેવી મધ્યાન્હ તથા સાંજના દેવવંદનમાં સજ્ઝાય કહેવાની જરૂર નથી.

## પચ્ચક્‌ખાણ પારવાનો વિધિ

ઇરિયાવહિ પડિક્કમી જગચિંતામણિનું ચૈત્યવંદન૦ નમુત્થુણં૦ જાવંતિ ચેઇયાઇ૦ જાવંત કેવિસાહૂ૦ નમોઽર્હત્

ઉવસગ્ગહરં૦ યાવત્ જયવીયરાય પુરા પર્યંત કરવું. પછી સજ્ઝાયનો આદેશ માંગી નવકાર ગણી મન્હજિણાણંની સજ્ઝાય કહેવી પછી ખમાસમણ દેઇ ઇચ્છા૦ મુહપત્તિ પડિલેહું, ઇચ્છં કહી મુહપત્તિ પડિલેહવી પછી ખમાસમણ દેઇ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ પચ્ચક્ખાણ પારૂં, યથાશક્તિ ખમા૦ ઇચ્છા૦ પચ્ચક્ખાણ પાર્યું. **'તહત્તિ'** કહી મુઠ્ઠીવાળી જમણો હાથ ચરવળા ઉપર સ્થાપી એક નવકાર ગણી ઉગ્ગએ સૂરે નમુક્કાર સાહિયં પોરિસી, સાઢ પોરિસી, સૂરે ઉગ્ગએ પુરિમઢ્ઢ મુઠ્ઠિ સહિયં પચ્ચક્ખાણ કર્યું, ચોવિહાર, આયંબિલ એકાસણું, પચ્ચક્ખાણ કર્યું તિવિહાર, પચ્ચક્ખાણ ફાસિયં, પાલિયં, સોહિયં તીરિયં, કીટ્ટિયં, આરાહિયં જં ચ ન આરાહિયં તસ્સ **'મિચ્છામિ દુક્કડં'** આ પ્રમાણે પાઠ બોલી એક નવકાર ગણી પચ્ચક્ખાણ પારવું.

## જમ્યા પછી ચૈત્યવંદન કરવાનો વિધિ

ખમાસમણ દેઇ ઇરિયાવહિ પડિક્કમી ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ચૈત્યવંદન કરૂં, ઇચ્છં કહી જગચિંતામણિનું ચૈત્યવંદન જયવીયરાય પર્યંત કરવું દેહરાસરે કરો તો અરિહંત ચેઇયાણં વંદણ૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસગ્ગ કરી પારી થોય કહેવી.

## મન્હજિણાણંની સજ્ઝાય

મન્હજિણાણં આણં મિચ્છં પરિહરહ ધરહ સમ્મત્તં,
છવ્વિહ-આવસ્સયંમિ, ઉજ્જુત્તો હોઇ પઇદિવસં ૧



પવ્વેસુ પોસહવયં દાણં સીલં તવો અ ભાવો અ,
સજ્ઝાયનમુક્કારો, પરોવયારો અ જયણા અ. ૨
જિણપૂઆ જિણથુણણં, ગુરુથઅ સાહમ્મિઆણ વચ્છલ્લં,
વવહારસ્સ ય સુદ્ધિ, રહજત્તા તિત્થજત્તાય. ૩
ઉવસમ વિવેગસંવર, ભાસાસમિઇ છજીવકરૂણા ય,
ધમ્મિઅજણસંસગ્ગો, કરણદમો ચરણપરિણામો. ૪
સંઘોવરિ બહુમાણો, પુત્થયલિહણં પભાવણા તિત્થે,
સઢ્ઢાણ કિચ્ચમેઅં, નિચ્ચં સુગુરુવએસેણં. ૫

## ઉજમણાની વિધિ

સાડા ચાર વર્ષે તપ પૂર્ણ થયે પોતાની શક્તિ વૈભવ અનુસારે ઉજમણું કરવું. ઉજમણું કરવાથી તપની સફળતા, લક્ષ્મીનો સદ્વ્યય, શુભ ધ્યાનની વૃદ્ધિ, સુલભ બોધિ ભવ્યજીવોને સમ્યક્ત્વની પ્રાપ્તિ, શ્રી તીર્થંકર દેવની અપૂર્વ ભક્તિ, શ્રી જિનશાસનની પ્રભાવના, ઇત્યાદિ મહાન લાભોની પ્રાપ્તિ થાય છે. ઉજમણાથી વીર્યોલ્લાસની વૃદ્ધિ થાય છે, ઉજમણું કરતાં વિશાળ મંડપ બાંધી શ્રી સિદ્ધચક્ર મંડલની સ્થાપના કરી મહોત્સવ કરવો, યંત્રની ગોઠવણ, પીઠિકાની રચના વગેરેનું સ્વરૂપ ગીતાર્થ ગુરુ પાસેથી સમજી લેવું. ધનની શક્તિ અનુસારે નવીન ચૈત્યો, જીર્ણોદ્ધારો, જિનબિંબો, ધર્મશાળાઓ ઉપાશ્રયો કરાવવા તથા જ્ઞાન દર્શન ચારિત્રના ઉપકરણો એકઠા કરી ઉજમણામાં મૂકવાં.

**સમાપ્ત**